RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 090
Dt.: 10-12-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ઈન્ડિગો સંકટ વચ્ચે PM મોદીનું મોટું નિવેદન

# જનતા પરેશાન થાય તેવા નિયમ-કાયદા ન હોવા જોઈએ

### પીએમ મોદીએ સાંસદોને માત્ર આર્થિક સુધારા જ નહીં પણ લોકોની રોજબરોજની જિંદગી સુધારવા પર ભાર આપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં NDA સાંસદોની બેઠકમાં આજે વડાપ્રધાન મોદીએ નિયમ કાયદા અંગે મોટું નિવેદન આપ્યું છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ બેઠકમાં વડાપ્રધાન મોદીના સંબોધન અંગે જાણકારી આપતા જણાવ્યું કે, કે પીએમ મોદીએ સાંસદોને માત્ર આર્થિક સુધારા જ નહીં પણ લોકોની રોજબરોજની જિંદગી સુધારવા પર ભાર આપ્યો. તેમણે અમને ગાઈડલાઈન આપી છે કે કોઈ પણ ભારતીયને સરકારથી કોઈ તકલીફ ન થવી જોઈએ.

કિરેન રિજિજૂએ વધુમાં જણાવ્યું, કે 'પીએમ મોદીએ સાંસદોને કહ્યું કે કાયદા અને નિયમો સારા છે, પણ તે સિસ્ટમ ઠીક કરવા માટે. જનતાને પરેશાન કરવા નહીં. એક પણ એવો નિયમ કે કાયદો ન હોવો જોઈએ તેનાથી જનતાને પરેશાની થાય.'

નોંધનીય છે કે વડાપ્રધાન મોદીનું આ નિવેદન એવા સમયમાં આવ્યું છે જ્યારે દેશ અત્યારે ઈન્ડિગો સંકટથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી દેશની સૌથી મોટી એરલાઈન કંપની ઈન્ડિગો દરરોજ સેંકડો ફ્લાઈટ રદ કરી રહી છે. જેના કારણે લાખો મુસાફરો પરેશાન થયા છે. ઈન્ડિગોએ આ સંકટ માટે ટેકનિકલ ખામીની સાથે સાથે રોસ્ટર માટેના સરકારના નવા નિયમોનો પણ હવાલો આપ્યો હતો.

ઈન્ડિગોના સંકટ વચ્ચે મંગળવારે (૯ ડિસેમ્બર) પણ સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઓછામાં ઓછી ૧૩ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી અથવા કાર્યરત નહોતી, જેમાં આઠ ડિપાર્ચર અને પાંચ અરાઈવલનો સમાવેશ થાય છે. તેવી જ રીતે, આજે સવારે ૮ વાગ્યા સુધીમાં અમદાવાદ એરપોર્ટ પર ૧૬ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.

એરલાઈને મંગળવારે બેંગલુરુ અને હૈદરાબાદથી આશરે ૧૮૦ ફ્લાઈટ્સ પણ રદ કરી હતી.

દરમિયાન, કેટલાક રૂટ પર ઈન્ડિગોની શિયાળાની સમયપત્રક ફ્લાઈટ્સ અન્ય સ્થાનિક કેરિયર્સને આપવામાં આવે તેવી શક્યતા છે, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે સરકાર ઈન્ડિગોના સ્લોટમાં "ચોક્કસપણે" ઘટાડો કરશે. રાહુલ ભાટિયા દ્વારા નિયંત્રિત એરલાઈન ૯૦થી વધુ સ્થાનિક સ્થળો અને ૪૦થી વધુ વિદેશી સ્થળોએ દરરોજ ૨,૨૦૦ થી વધુ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે.

## ખજુરાહો રિસોર્ટમાં ભોજન લીધા બાદ ૩ લોકોના મોત, ૬ની હાલત ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)મધ્યપ્રદેશ

મધ્યપ્રદેશના છતરપુર જિલ્લાના ખજુરાહોમાં ફૂડ પોઈઝનિંગથી અત્યાર સુધીમાં ત્રણ લોકો મોતને ભેટ્યા હતા. ખજુરાહોના આ ગૌતમ રિસોર્ટમાં કેટલાક કર્મચારીઓ જમ્યા પછી અસ્વસ્થતા અનુભવવા લાગ્યા હતા. ભોજન લીધા પછી થોડા સમય બાદ, કર્મચારીઓએ ઉલટી, અસ્વસ્થતા અને માથાના દુખાવોની ફરિયાદ કરી હતી. તેમના સાથીદારોએ તાત્કાલિક તેમને ખજુરાહો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા. અને પ્રાથમિક સારવાર અપાવી હતી. પરંતુ બાદમાં તેમની હાલત વધુ ખરાબ થઈ ગઈ હતી. અને તેમને છતરપુર જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

મૃતકોની ઓળખ પ્રાગીલાલ કુશવાહા, ગિરજા રજક અને રામસ્વરૂપ કુશવાહા તરીકે થઈ છે. મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી ડૉ. આર.પી. ગુપ્તાએ જણાવ્યું હતું કે, સોમવારે કુલ નવ લોકોને ફૂડ પોઈઝનિંગના લક્ષણો સાથે ખજુરાહો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા. તે બધાની સ્થિતિ ગંભીર હોવાથી તેમને જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે કેટલાક દર્દીઓને વધુ સારવાર માટે ગ્વાલિયર મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યારે ત્રણ કર્મચારીઓના મૃત્યુ થયા હતા.

આરોગ્ય વિભાગ અને ખાદ્ય સુરક્ષા વિભાગની ટીમો ગૌતમ રિસોર્ટ ખાતે પહોંચી હતી. રિસોર્ટમાં તૈયાર કરાયેલા ખોરાકના નમૂના લેવામાં આવ્યા હતા અને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા.

## ઈન્ડોનેશિયાના જકાર્તામાં સાત માળની બિલ્ડિંગમાં આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્ડોનેશિયા

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં આજે (૯ ડિસેમ્બર) એક મોટો દુર્ઘટના બની છે. મધ્ય જકાર્તાના રહેણાંક અને વ્યાપારી વિસ્તારમાં આવેલી એક સાત માળની ઓફિસ બિલ્ડિંગમાં ભયાનક આગ લાગતા ઓછામાં ઓછા ૨૦ લોકોનાં મોત થયા છે. સ્થાનિક ચેનલ કોમ્પાસ ટીવીએ આ દુર્ઘટનામાં ૨૦ લોકોના મોતની પુષ્ટિ કરી છે, જેમાં પાંચ પુરુષ અને ૧૫ મહિલાઓનો સમાવેશ થાય છે. કેટલાક લોકોના મોત ગુંગળામણને કારણે થયા છે.આ ભીષણ આગ બપોરના સમયે લાગી હતી, જેના કારણે આખી ઈમારતમાંથી ધુમાડાના ગોટેગોટા આકાશમાં ફેલાઈ ગયા હતા. આસપાસના લોકો અને ઓફિસ કર્મચારીઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગવાનું કારણ અને કાર્યવાહી પોલીસના જણાવ્યા અનુસાર, આગની શરૂઆત ઈમારતના પહેલા માળે રાખેલી બેટરીઓમાંથી થઈ હતી. કર્મચારીઓએ શરૂઆતમાં આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેના પર કાબૂ મેળવી શકાયો નહોતો.

## મહારાષ્ટ્રમાં ફરી નવાજૂનીના એંધાણ? ૨૨ ધારાસભ્યો પક્ષપલટો કરશે તેવો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ

શિવસેના (UBT) ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ સોમવારે દાવો કર્યો કે, મહાયુતિની એક સહયોગી પાર્ટીના ૨૨ ધારાસભ્ય મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના 'નજીકના' થઈ ગયા છે અને પાર્ટી બદલવા માટે તૈયાર છે. તેમનો પરોક્ષ રીતે ઈશારો નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના તરફ હતો. જોકે, મુખ્યમંત્રીએ આ દાવાનો ઈનકાર કરી દીધો છે. શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાનું નામ લીધા વિના, વિધાન ભવન સંકુલમાં પત્રકારો સાથે વાત કરતા આદિત્ય ઠાકરેએ દાવો કર્યો કે, "એક શાસક પક્ષ અને બે જૂથો છે. એક જૂથના બાવીસ ધારાસભ્યો મુખ્યમંત્રીની નજીક આવી ગયા છે. તેમની પાસે સારા પૈસા છે અને તેઓ તેમના ઈશારા પર નાચી રહ્યા છે. આ ૨૨ ધારાસભ્યો પક્ષપલટો કરવા માટે તૈયાર છે.'વર્લીના ધારાસભ્ય ઠાકરેએ કહ્યું કે, આ ૨૨ ધારાસભ્યોમાંથી એક પોતાને "ઉપ-કેપ્ટન" કહે છે. તેઓ આડકતરી રીતે ઉદ્યોગ મંત્રી ઉદય સામંતનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ભૂતકાળમાં, શિવસેના (UBT) એ દાવો કર્યો હતો કે, સામંતને શિંદે અને અજિત પવાર સાથે રાજ્યના ત્રીજા નાયબ મુખ્યમંત્રી બનાવી શકે છે. રાજ્ય વિધાનસભાના બંને ગૃહોમાં વિપક્ષી નેતાઓની નિમણૂક અંગે નિષ્ક્રિયતાના મુદ્દા અંગે, આદિત્ય ઠાકરેએ પ્રશ્ન કર્યો કે સરકાર વિપક્ષી નેતાઓથી કેમ ડરે છે?

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આદિત્ય ઠાકરેને જવાબ આપતા કહ્યું, "જો કોઈ આવું કહે છે, તો કાલે કોઈ બીજું દાવો કરી શકે છે કે આદિત્ય ઠાકરેના ૨૦ ધારાસભ્યો પણ ભાજપમાં છે. ફક્ત આવું કહેવાનો કોઈ અર્થ નથી." તેમણે સ્પષ્ટતા કરી કે ભાજપને તેમના ધારાસભ્યોને લેવાની કોઈ જરૂર નથી.નોંધનીય છે કે, જૂન, ૨૦૨૨માં શિંદેના નેતૃત્વમાં ધારાસભ્યોના વિદ્રોહ બાદ શિવસેનાનું વિભાજન થઈ ગયું હતું. જેના કારણે તત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું. ત્યારબાદ જાન્યુઆરી, ૨૦૨૪માં વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે કહ્યું હતું કે, એકનાથ શિંદેના નેતૃત્વવાળું જૂથ 'અસલી' શિવસેના છે, જે ભાજપ અને નાયબ મુખ્યમંત્રી અજીત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે રાજ્યમાં સત્તાધારી મહાયુતિનું એક ઘટક છે. શિવસેના (UBT)ના નેતા ભાસ્કર જાધવને તેમની પાર્ટી દ્વારા વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પદ માટે નામાંકિત કરવામાં આવ્યા છે, પરંતુ કેબિનેટ સ્તરની આ નિમણૂક અંગે સ્પીકર દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. શિવસેના (UBT) ૨૦ ધારાસભ્યો સાથે નીચલા ગૃહમાં સૌથી મોટો વિરોધ પક્ષ છે. અગાઉ, જાધવે રાજ્ય વિધાનસભાને પત્ર લખીને જાણવા માંગ્યું હતું કે, શું એવો કોઈ નિયમ છે કે વિરોધ પક્ષ પાસે વિરોધ પક્ષના નેતા પદ માટે દાવો કરવા માટે વિધાનસભાની કુલ સંખ્યાના ૧૦ટકા (૨૮૮ માંથી ૨૯ બેઠકો) હોવી જોઈએ. નોંધનીય છે કે, ગયા વર્ષે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં વિરોધ પક્ષની કારમી હાર બાદ, કોઈપણ પક્ષ કુલ ૨૮૮ બેઠકોમાંથી ૧૦ ટકા બેઠકો જીતી શક્યો ન હતો.શિવસેના (UBT)ના પૂર્વ સભ્ય વિધાન પરિષદ (MLC) અંબાદાસ દાનવેનો વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા તરીકેનો કાર્યકાળ ઓગસ્ટમાં સમાપ્ત થયો હતો. કોંગ્રેસે તેમના MLC સતેજ પાટિલને ઉપલા ગૃહમાં વિરોધ પક્ષના નેતા તરીકે નિયુક્ત કરવા માટે નામાંકિત કર્યા છે. રાજ્ય વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે, તેમના કાર્યાલયને વિરોધ પક્ષના નેતાની નિમણૂક માટે એક પ્રસ્તાવ મળ્યો છે અને હિતધારકો સાથે વાતચીત કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

### ૨૦૧૭માં યુરોપિયન એરલાઈન્સ રાયનએરની ૨૦૦૦ ફ્લાઈટ રદ થઈ હતી

# યુરોપની એરલાઈન્સે ઈન્ડિગો જેવું સંકટ થતાં રૂ.૧૮૮ કરોડ વળતર ચૂકવ્યુ હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લાં એક સપ્તાહથી ચાલી રહેલાં ઈન્ડિગો સંકટમાં અત્યાર સુધી કુલ ૪૫૦૦ ફ્લાઈટ રદ થઈ ચૂકી છે, તેમ છતાં દેશના જુદા જુદા એરપોર્ટ ઉપર રઝળપાટ કરતાં મુસાફરોની યાતનાઓની કોઈને કશી પડી નથી. ઈન્ડિગો દ્વારા ઈરાદાપૂર્વક દેશમાં ઉભા કરાયેલાં આ સંકટના પગલે યુરોપની એરલાઈન્સ કંપની રાયનએરના સંકટની યાદ આવી ગઈ છે.૨૦૧૭ની સાલમાં રાયનએર કંપનીને પોતાની ૨૦૦૦ ફ્લાઈટ કેન્સલ કરી હતી જેના પગલે તેને ૪ લાખ મુસાફરોને રૂ. ૧૮૮ કરોડનું તોતિંગ વળતર ચૂકવવાની ફરજ પડી હતી. યુરોપના એર ટ્રાવેલ અધિકાર એક્ટ ઈયુ-૨૬૧માં ફ્લાઈટ મોડી પડે કે કેન્સલ થાય તો એ સંજોગોમાં મુસાફરોને આર્થિક વળતર



ચૂકવી આપવાની જોગવાઈ રહેલી છે.જોગ-સંજોગે રાયનએર અને ઈન્ડિગો બંને કંપનીઓ સસ્તા ભાડામાં લોકોને હવાઈ મુસાફરી કરાવતી કંપનીઓ છે અને બંનેના સંકટનું કારણ પણ એકસમાન છે, જરૂર કરતા ઓછા પાયલટ અને રોસ્ટરની સમસ્યા જેના કારણે સંખ્યાબંધ ફ્લાઈટને કેન્સલ કરવાની નોબત આવી. ઓછા પાયલટના કારણે જ રાયનએરનું સંકટ ઉભું થયું હતું અને ઓછા પાયલટના કારણે જ ઈન્ડિગોએ આખા દેશમાં હાહાકાર મચાવ્યો છે. દેશના એર ટ્રાવેલ માર્કેટનો ૬૩ ટકા હિસ્સો ધરાવતી ઈન્ડિગો એરલાઈન્સને તેની ગંભીર બેદરકારીના કારણે સરકારે જે નોટિસ ફટકારી હતી તેનો જવાબ આપવાની અવધી આજે સાંજે પૂરી થઈ હતી.સંસદમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી રામમોહન નાયડુએ આજે કહ્યું હતું કે સરકાર ખુદ ઈચ્છી રહી છે કે એર ટ્રાવેલ માર્કેટમાં વધુને વધુ કંપનીઓનો પ્રવેશ થાય. આયરલેન્ડની રાયનએર યુરોપની સૌથી મોટી કંપની છે. આયરલેન્ડના એવિયેશન માર્કેટનો ૫૦ ટકા થી વધુ હિસ્સો ધરાવતી રાયનએર કંપનીએ ૨૦૧૭ના સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં પાયલટની રોસ્ટર સમસ્યાના કારણે ૨૦૦૦ ફ્લાઈટ કેન્સલ કરી દીધી હતી, જેનો ભોગ ૪ લાખ મુસાફરો બન્યા હતા, પરંતુ યુરોપના કડક કાયદાની જોગવાઈના કારણે તેને મુસાફરોને વળતર ચૂકવવાની ફરજ પડી હતી.

### ચીનને ઈન્ડો-પેસિફિક માટે ભયજનક દેશ ગણાવ્યો

# ટ્રમ્પની નવી નીતિમાં હિંદ-પ્રશાંત નવું યુદ્ધક્ષેત્રઃ ભારત અમેરિકાનું ભાગીદાર

### ચીનના લશ્કરી વિસ્તારવાદ અને આર્થિક પ્રભુત્વને રોકવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા જારી કરવામાં આવેલી આ ચુસ્ત રણનીતિમાં ભારતની ભૂમિકાને નિર્ણાયક ગણાવતા કહેવાયું છે કે ભારત પ્રાદેશિક સંતુલનનો આધાર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાની નવી રાષ્ટ્રીય સુરક્ષા રણનીતિ (એનએસએસ)માં પહેલી જ વખત ભારતને હિંદ-પ્રશાંત સુરક્ષા માળખાના મહત્ત્વન ભાગીદાર તરીકે રજૂ કરવામાં આવ્યું છે. ચીનના લશ્કરી વિસ્તારવાદ અને આર્થિક પ્રભુત્વને રોકવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા જારી કરવામાં આવેલી આ ચુસ્ત રણનીતિમાં ભારતની ભૂમિકાને નિર્ણાયક ગણાવતા કહેવાયું છે કે ભારત પ્રાદેશિક સંતુલનનો આધાર છે.આ રણનીતિક દસ્તાવેજમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે અમેરિકાએ ભારતની સાથે વ્યાપારિક, ટેકનિકલ અને ઉદ્યોગલક્ષી સંબંધોને મજબૂત કરવા પડશે, જેથી ભારત ઈન્ડા-પેસિફિક સુરક્ષામાં વધારે પ્રદાન આપી શકે. તેમા ક્વાડને પ્રાદેશિક સુરક્ષાનો મુખ્ય મંચ બતાવવામાં આવ્યો છે. ભારતને તેની સામૂહિક પ્રતિરોધક ક્ષમતાનું મહત્ત્વનું ઘટક માનવામાં આવ્યું છે.એનએસએસમાં ઈન્ડોપેસિફિકને આગામી સદીના



મુખ્ય ભૂરાજકીય રણનીતિક ક્ષેત્રોમાં એક ગણાવવામાં આવ્યું છે અને ચેતવણી આપવામાં આવી છે કે ચીનની આક્રમક પ્રવૃત્તિઓ, ખાસ કરીને દક્ષિણ ચીન સાગર, તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સને અસર કરી રહી છે. ચીનની આક્રમકતા આ ચાર દેશોની સમુદ્રલક્ષી સ્વતંત્રતા અને પુરવઠા શ્રૃંખલાને પ્રભાવિત કરી શકે છે.તેના સમાધાન માટે ભારતને સ્થાયી અને વિશ્વસનીય ભાગીદાર તરીકે રજૂ કરવામાં આવ્યું છે. આ રણનીતિમાં ચીનના અયોગ્ય વ્યવહા, બૌદ્ધિક સંપદા ચોરી, રાજ્યપ્રાયોજિત સબસિડીઓ, દુર્લભ ખનીજ પૂરા પાડવા પર નિયંત્રણને વૈશ્વિક જોખમ ગણાવતા જણાવાયું છે કે આ પડકારોનો સામનો કરવામાં ભારત-અમેરિકાનો સહયોગ મહત્તવનો હશે. તેમા પણ ખાસ કરીને હાઈ ટેકનોલોજી અને સંરક્ષણ ઉત્પાદન સાધનોના નિર્માણમાં આ સહયોગ જરુરી હશે.

આશ્ચર્યની વાત એ છે કે ટ્રમ્પની આ નીતિમાં રશિયાને મુખ્ય દુશ્મન તરીકેની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું હતું, જે દાયકાઓ જૂની અમેરિકાની રણનીતિનો ફેરફાર સૂચવે છે.

રશિયાએ અમેરિકાના આ પગલાંનું સ્વાગત કર્યુ છે અને હકારાત્મક સંકેત ગણાવ્યો છે. રશિયાના પ્રવક્તા પેસ્કોવે જણાવ્યું હતું કે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાની રણનીતિમાં ટ્રમ્પે લવચીક યથાર્થવાદનો અભિગમ અપનાવ્યો છે. તેની સાથે યુરોપને તેનું સુરક્ષા જાતે કરવા જણાવ્યું હતું. સંરક્ષણ સચિવ પીટ હેગ્સેથે નેશનલ સિક્યોરિટી સ્ટ્રેટેજી ડોક્યુમેન્ટ ગયા મહિને જારી કર્યો હતો. તેમા અમેરિકાની વૈશ્વિક અગ્રતાઓ, ભૂરાજકીય પ્રતિબદ્ધતાઓ અને લશ્કરી વ્યૂહરચનાને નવેસરથી વ્યાખ્યાયિત કરવામાં આવી હતી. તેમા પશ્ચિમી જગતમાં અમેરિકાને વધારે પ્રભુત્વશાળી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવાયું હતું.



## તંત્રી લેખ......

### ગોવામાં નાઈટક્લબમાં આગમાં ૨૫ લોકોના મોત આપણા દેશમાં જાહેર સલામતી પ્રત્યે વારંવાર થતી બેદરકારીને ઉજાગર કરે છે

ગોવામાં નાઈટક્લબમાં આગમાં ૨૫ લોકોના મોત આપણા દેશમાં જાહેર સલામતી પ્રત્યે વારંવાર થતી બેદરકારીને ઉજાગર કરે છે. આવી ઘટનાઓ બનતી રહે છે, છતાં કોઈ પાઠ શીખી શકાતો નથી. આગ લાગી તે ગોવા નાઈટક્લબ માત્ર નિયમોનું ઉલ્લંઘન કરીને જ કાર્યરત નહોતું, પરંતુ અગ્નિ સલામતીના પગલાંનો પણ અભાવ હતો. પરિસ્થિતિને વધુ વણસવા માટે, નાઈટક્લબમાં પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો અત્યંત સાંકડા હતા. આગમાં ફસાયેલા લોકોની સંખ્યા વધી કારણ કે તેઓ જે માર્ગને બચવા માટે સૌથી સલામત માનતા હતા તે પહેલાથી જ લોકોથી ભરેલો હતો. આ હૃદયદ્રાવક ઘટના પછી, ઉચ્ચ સ્તરીય તપાસ અને ગુનેગારો સામે કડક કાર્યવાહીના વચનોની વાત થઈ રહી છે તે સંપૂર્ણપણે નિરાશાજનક છે. આવી દરેક ઘટના પછી આવા જ વચનો આપવામાં આવે છે, પરંતુ ટૂંક સમયમાં, પહેલા જેવા જ કારણોસર ક્યાંક બીજો ભયાનક અકસ્માત થાય છે. કાયદા દ્વારા, આ નાઈટક્લબ ખોલવાની મંજૂરી આપવી જોઈતી ન હતી, અને જો તે ખોલવામાં આવી હોત તો પણ, સંપૂર્ણ સલામતીના પગલાં સુનિશ્ચિત કરવા જોઈતા હતા. કમનસીબે, આવું કરવામાં આવ્યું ન હતું. તે સ્પષ્ટ છે કે આ નાઈટક્લબ નિયમો અને નિયમો લાગુ કરવા માટે જવાબદાર વિભાગોની બેદરકારી અથવા મિલીભગતથી ગેરકાયદેસર રીતે કાર્યરત હતું. થવું જોઈએ તે એ છે કે જે વિભાગોની બેદરકારી અથવા બેદરકારીને કારણે નાઈટક્લબ ચાલુ રહ્યું તેના અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. ગોવામાં આ ઘટના એ પણ દર્શાવે છે કે આવા સ્થળોએ જરૂરી નિયમિત સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવી ન હતી. આ પહેલીવાર નથી જ્યારે કોઈ જાહેર સ્થળે આગ લાગી હોય, જેના કારણે ઘણા લોકો જીવ ગુમાવે છે. આવી ઘટનાઓ નિયમિતપણે બને છે. આવી ઘટનાઓમાં મોટી સંખ્યામાં લોકો જીવ ગુમાવે છે. જ્યારે આવું થાય છે, ત્યારે કડક કાર્યવાહીની જાહેરાત કરવામાં આવે છે અને શોક વ્યક્ત કરવામાં આવે છે, પરંતુ પરિસ્થિતિ સુધારવાને બદલે, વળતરની જાહેરાત કરીને ફરજ પૂર્ણ કરવામાં આવે છે. આપણા નીતિ નિર્માતાઓએ સમજવું જોઈએ કે આવી ઘટનાઓ માત્ર જાનમાલનું નુકસાન જ નહીં, પણ દેશની બદનામી પણ લાવે છે. આવી ઘટનાઓ દર્શાવે છે કે વિકસિત બનવાની ઈચ્છા રાખતા ભારતમાં, દરેક સ્તરે નિયમો અને કાયદાઓની અવગણના કરવામાં આવે છે અને આ દેશમાં ભાગ્યે જ કોઈ કાર્ય જવાબદારીપૂર્વક કરવામાં આવે છે.

'અંત્યોદય ઉત્થાન' માટે પ્રતિબદ્ધ છે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# ઝૂંપડા વીજળીકરણ યોજના: રાજ્ય સરકારે ૧૦ લાખથી વધુ ગરીબોના જીવનમાં પાથર્યો ઉજાશ

**છેલ્લા ૫ વર્ષમાં રૂ. ૮,૪૯૯ લાખના ખર્ચે ૧,૫૨,૪૬૬ ઝૂંપડાઓનું મફત વીજળીકરણ, ૨૦૨૫-૨૬ માટે રૂ. ૧,૬૧૭ લાખની જોગવાઈ**

ગુજરાતમાં ઝૂંપડીઓમાં રહેતાં ગરીબોના ઘરોને પ્રકાશમય કરવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ઝૂંપડા વીજળીકરણ યોજના' અમલમાં છે. આ યોજના અંતર્ગત ઝૂંપડાઓમાં રહેનારાઓને નિઃશુલ્ક વીજ જોડાણ આપવામાં આવે છે.

છેલ્લા ૫ વર્ષમાં આ યોજના હેઠળ રૂ. ૮,૪૯૯ લાખના ખર્ચે ૧,૫૨,૪૬૬ ઝૂંપડાઓનું મફત વીજળીકરણ કરી ગરીબના જીવન સ્તરમાં સુધારો લાવવામાં આવ્યો છે. એટલું જ નહીં; સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે જાણીતા શ્રી ભૂપેન્દ્ર પટેલે વર્ષ ૨૦૨૫-૨૬માં ઝૂંપડા વીજળીકરણ યોજના માટે રૂ. ૧,૬૧૭ લાખના ખર્ચની જોગવાઈ કરી છે. આ સાથે જ; યોજનાનો વધુમાં વધુ લોકો લાભ લઈ શકે; તે માટે લાભાર્થીઓ માટે વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧.૫૦ લાખ સુધી કરવામાં આવી છે.

નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં વીજ પુરવઠાને લગતા જે સુધારાત્મક પગલાઓ ભર્યાં, તે પરંપરાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા તેમની સરકાર પણ સુપુરે આગળ વધારી રહ્યાં છે. આ જ કારણ છે કે આજે રાજ્યમાં ઝૂંપડાઓમાં રહેનાર ગરીબોને મફત વીજળી કનેક્શન આપવાનું કાર્ય ઝડપથી કરવામાં આવી રહ્યું છે.

**શું છે ઝૂંપડા વીજળીકરણ યોજના ?**

રાજ્યના ઊર્જા તથા પેટ્રોરસાયણ વિભાગ આ ઝૂંપડા વીજળીકરણ યોજના વર્ષ ૧૯૯૬-૯૭થી અમલમાં મૂકવામાં આવી છે. યોજનાનો ઉદ્દેશ ગરીબ ઝૂંપડાવાસીઓને મફત વીજ જોડાણ આપવાનો છે. યોજનાનું અમલીકરણ અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડ (જીઈબી) દ્વારા કરાતુ હતું, પરંતુ ૨૦૦૩માં તે વખતના મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વીજ ક્ષેત્રે સુધારાઓનો સિલસિલો શરૂ કર્યો અને જીઈબીની પુનર્રચના કરતાં ચાર વીજ વિતરણ કંપનીઓ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (ડીજીસીજીએલ), મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (એમજીવીસીએલ), પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) તથા ઉત્તર ગુજરાત વીજ કંપની (યૂજીવીસીએલ)ની રચના કરી. ત્યારથી ઝૂંપડા વીજળીકરણ યોજનાનું અમલીકરણ આ ચાર વીજ વિતરણ કંપનીઓ કરી રહી છે.

**વધુમાં વધુ લાભ પહોંચાડવાં વધારવામાં આવી આવક મર્યાદા**

ઊર્જા વિભાગ તરફથી પ્રાપ્ત માહિતી મુજબ ઝૂંપડા વીજળીકરણ યોજનાનો લાભ ગરીબી રેખાથી નીચે જીવતાં (બીપીએલ) પરિવારો તથા બીપીએલ યાદીમાં સમાવિષ્ટ ન હોય; તેવા ગરીબોને પણ કોઈ પણ જાતના જાતિગત ભેદભાવ આપવામાં આવે છે. યોજના અંતર્ગત કોઈ પણ બીપીએલ કે અન્ય ગરીબ પરિવાર પોતાના ઝૂંપડામાં મફત વીજળી કનેક્શન પ્રાપ્ત કરી શકે અને વધુમાં વધુ ગરીબો આ યોજનાનો લાભ લઈ શકે; તેવા ઉદ્દેશ સાથે રાજ્ય સરકારે સમયાંતરે વાર્ષિક આવક સીમામાં વધારો કર્યો છે. આ જ કારણ છે કે વર્ષ ૨૦૧૮માં રાજ્ય સરકારે ગ્રામ્ય ઝૂંપડાવાસીઓ માટે રૂ. ૪૭ હજારથી રૂ ૧ લાખ ૨૦ હજાર સુધી તથા શહેરી ઝૂંપડાવાસીઓ માટે રૂ. ૬૮ હજારથી રૂ. ૧.૫૦ લાખ સુધીની આવક મર્યાદા નક્કી કરી. આ અગાઉ આ આવક મર્યાદા ક્રમશઃ ગ્રામ્ય માટે રૂ. ૨૭ હજારથી રૂ. ૪૭ હજાર સુધી તથા શહેરી માટે રૂ. ૩૫ હજારથી ૪૭ હજાર હતી. આવક મર્યાદાનો વ્યાપ વધારવાથી લાભાર્થીઓની સંખ્યામાં વધારો થયો તેમજ વધુમાં વધુ ગરીબોના ઘરે ઉજાશ પ્રસરાવવામાં સફળતા મળી.

**અત્યાર સુધી ૧૦ લાખથી વધુ ઝૂંપડાઓનું વીજળીકરણ**

રાજ્ય સરકારે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અત્યાર (Nov-25) સુધી ૧૦ લાખ ૯ હજાર ૭૩૬ ઝૂંપડાઓમાં મફત વીજ કનેક્શન પૂરા પાડ્યા છે કે જેમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧ લાખ ૫૨ હજાર ૪૬૬ ઝૂંપડાઓનું વીજળીકરણ થયું છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫માં આ યોજના હેઠળ રૂ. ૧,૬૧૭.૦૩ લાખના ખર્ચે ૨૫ હજાર ૯૩૯ ઝૂંપડાઓને મફત વીજ કનેક્શન આપી તેમના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. એટલું જ નહીં; મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગરીબો પ્રત્યે સંવેદનશીલ અભિગમ અપનાવી વર્ષ ૨૦૨૫-૨૬માં આ યોજના માટે રૂ. ૧,૬૧૭ લાખના ખર્ચની જોગવાઈ કરી છે કે જેથી વધુમાં વધુ ગરીબ ઝૂંપડાવાસોને ઘરોમાં વીજળીનો ઝળકાટ પહોંચી શકે અને તેમના જીવન સ્તરમાં સુધારો આવે તેમજ ઈઝ ઑફ લિવિંગમાં વધારો થાય.

**કેવી લઈ શકાય યોજનાનો લાભ**

ઝૂંપડા વીજળીકરણ યોજનાનું ઊર્જા તેમજ પેટ્રોરસાયણ વિભાગના અધિક મુખ્ય સચિવના નેતૃત્વ હેઠળ અમલીકરણ કરવામાં આવે છે. રાજ્ય કક્ષાએ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયૂવીએનએલ)ના મુખ્ય એન્જીનિયર (ટેક) દ્વારા યોજાનું અમલીકરણ કરાય છે. નક્કી આવક મર્યાદા ધરાવતા બીપીએલ કે અન્ય ગરીબ લોકો આ યોજનાનો લાભ લઈ શકે છે. ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓએ તાલુકા વિકાસ અધિકારી/તાલુકા પંચાયત કચેરીમાં, જ્યારે શહેરી વિસ્તારના લાભાર્થીઓએ નગર પાલિકા/મ્યુનિસિપાલિટી કચેરીમાં અરજી આપવાની હોય છે. રજિસ્ટર્ડ અરજીઓની યાદી સંબંધિત વીજ વિવતરણ કંપના સાથે સંબંધિત ક્ષેત્રીય કચેરી ખાતે મોકલવામાં આવે છે અને ત્યાર બાદ જરૂરી માપદંડ પૂર્ણ કરતા અરજીકર્તાઓને મફત વીજ કનેક્શન આપવામાં આવે છે.

મુસાફરો મુશ્કેલીમાં મુકાયા, અત્યંત ગંભીર મામલો : સુપ્રીમ

# ઈન્ડિગો સાતમા દિવસે પણ સંકટમાં વધુ ૫૬૨ ફ્લાઈટ્સ રદ કરવી પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડિગો એરલાઈન્સ કટોકટીની સ્થિતિમાંથી હજુ પણ બહાર નથી આવી શકી, ગત મંગળવારથી ફ્લાઈટો રદ કરવાનો સિલસિલો શરૂ થયો હતો જે હાલ પણ ચાલી રહ્યો છે. સોમવારે ઈન્ડિગોએ છ મેટ્રો એરપોર્ટ્સની વધુ ૫૬૨ ફ્લાઈટો રદ કરી દીધી હતી. જેમાં માત્ર બેંગલુરુની જ ૧૫૦ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. ઈન્ડિગોની દૈનિક બે હજાર જેટલી ફ્લાઈટ્સમાંથી ૫૬૦ રદ કરવામાં આવતા ફરી અનેક મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા.

દેશના મોટા એરપોર્ટ્સ પર રેલવે કે બસ સ્ટેશન જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે સોમવારે ઈન્ડિગોની કુલ ૧૮૦૨ ફ્લાઈટ્સ ઉડાન ભરવાની હતી, જેમાંથી ૫૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે.

મુસાફરોની નવ હજાર બેગોમાંથી ૪૫૦૦ બેગો પરત સોંપી દેવામાં આવી છે અને બાકી બેગો પણ આગામી ૩૬ કલાકમાં સોંપી દેવાશે. મંત્રાલયે એમ પણ જણાવ્યું છે કે ૧થી ૭ ડિસેમ્બર વચ્ચે બૂક કરેલી ૫,૮૬,૭૦૫ ટિકિટોના પીએનઆર રદ કરીને પુરુ રિફંડ સોંપી દેવાયું છે. જેની કુલ રકમ રૂ. ૫૬૯.૬૫ કરોડ રૂપિયા છે. ઈન્ડિગોના જણાવ્યા મુજબ શનિવારે ૧૫૬૫ ફ્લાઈટ્સ રદ કરી હતી, રવિવારે ૭૫૦ ફ્લાઈટ્સ રદ કરાઈ હતી, સોમવારે આ સંખ્યા ૫૦૦થી વધુ રહી હતી. ૧ નવેમ્બરથી લાગુ નવા ફ્લાઈટ ડ્યૂટી નિયમોને કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનો દાવો થઈ રહ્યો છે. દેશભરમાં ઈન્ડિગોના મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. સતત સાતમા દિવસે પણ સ્થિતિ ઠેરની ઠેર છે અને અનેક મુસાફરો પાણી, ભોજન વગર એરપોર્ટ પર ફસાયેલા છે. એવામાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ અત્યંત ગંભીર મામલો છે અમને ખ્યાલ છે કે મુસાફરોને સ્વાસ્થ્ય સહિતની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હશે. જોકે હાલ સમગ્ર મામલામાં દખલ દેવાની સુપ્રીમે ના પાડી હતી. જ્યારે દિલ્હી હાઈકોર્ટ આ મામલે ૧૦મી ડિસેમ્બરના રોજ સુનાવણી કરવા માટે તૈયાર છે.

બીજી તરફ કેન્દ્ર સરકાર ઈન્ડિગો સામે આકરા પગલા લઈને અન્ય એરલાઈન્સ માટે દાખલો બેસાડવા માગે છે તેવા અહેવાલો સામે આવ્યા છે. જેને પગલે ઈન્ડિગોની સામે મોટી કાર્યવાહી થઈ શકે છે. આ માહિતી કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ સંસદમાં આપી હતી. બીજી તરફ ઈન્ડિગોએ ડીજીસીએની નોટિસનો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે અમને આ ઘટના પર અફસોસ છે, અમે મુસાફરોની માફી માગીએ છીએ. ૧૦૦ ટકા નેટવર્ક રીસ્ટોર કરી લીધુ છે, ૯૧ ટકા ફ્લાઈટ્સ ઓનટાઈમ ઓપરેટ થઈ રહી છે. તેવો દાવો પણ ઈન્ડિગોએ સોમવારે કર્યો હતો. દેશના વિવિધ એરપોર્ટ પર મુસાફરોની કફોડી સ્થિતિની તસવીરો અને વીડિયો સામે આવી રહ્યા છે. જેમાં મોટાભાગના મુસાફરો એરલાઈન્સ પર રોષ ઠાલવતા જોવા મળ્યા હતા.

રાજ્ય સરકારની ક્રાંતિકારી પહેલ: વીજ માંગનું એડવાન્સ પ્લાનિંગ કરતું "ઊર્જા સંવર્ધનમ્" ડિજિટલ પ્લેટફોર્મ

# "ઊર્જા સંવર્ધનમ્" ડિજિટલ પ્લેટફોર્મ ગુજરાતના પાવર નેટવર્કને 'વિકસિત ભારત@૨૦૪૭' માટે તૈયાર કરશે: ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

**૧૨ ટકાથી વધુ લોડ ગ્રોથવાળા વિસ્તારો પર હવે સીધી નજર: 'ઊર્જા સંવર્ધનમ'થી વીજ કંપનીઓને મળે છે તત્કાલ સુધારાની સૂચના: આ પ્લેટફોર્મ DISCOMS, GETCO, અને GUVNL માટે એક સંકલિત ડિજિટલ ઈન્ટરફેસ તરીકે કરે છે કાર્ય; પાવર સેક્ટરમાં આવી વધુ પારદર્શિતા**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે રાજ્યમાં વીજળીના સતત વધી રહેલા વપરાશ અને ભાવિ માંગને પહોંચી વળવા એક ક્રાંતિકારી પહેલ કરી છે. ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ ગુજરાતના પાવર નેટવર્કને "વિકસિત ભારત @ ૨૦૪૭"ના વિઝન તરફ લઈ જવા માટે "ઊર્જા સંવર્ધનમ્" નામનું એક અદ્યતન, ડેટા-આધારિત, ડિજિટલ ઈન્ટિગ્રેટેડ પ્લાનિંગ અને કોઓર્ડિનેશન પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાતના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજ વપરાશમાં થઈ રહેલા સતત વધારાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે વીજળીના પુરવઠાનું અસરકારક વ્યવસ્થાપન અને નિયંત્રણ જાળવવા માટે આ અદ્યતન ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ "ઊર્જા સંવર્ધનમ્"ની પહેલ કરવામાં આવી છે. આ પહેલના માધ્યમથી વીજ વપરાશના દૈનિક કે સમયબદ્ધ ડેટાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જેનાથી લોડ વધ-ઘટના સંજોગોમાં વીજ કંપનીઓને સમયસર પૂર્વાનુમાન મેળવીને જરૂરી પગલાં લેવા માટે એલર્ટ મળે.

ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે સંબંધિત અધિકારીઓને આ નવીન પ્રણાલીનો મહત્તમ ઉપયોગ કરીને વીજળી ઉત્પાદન અને વિતરણની પ્રક્રિયાને સુદૃઢ બનાવવા સૂચના આપી છે. ખાસ કરીને, ૧૨ ટકા કે તેથી વધુ લોડ વપરાશ ધરાવતા વિસ્તારોમાં ફીડર/ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર દ્વારા તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રાદેશિક અને ઔદ્યોગિક વિસ્તારોમાં લોડ પ્રોબેબિલિટીનું વિશ્લેષણ કરીને, ૬ થી ૧૨ ટકા વીજ વપરાશ વધારો ધરાવતા વિસ્તારોને પ્રાથમિકતા આપીને માળખાકીય વિકાસનું આયોજન કરાશે.

આ પ્લેટફોર્મ **DISCOMS, GETCO,** અને **GUVNL** માટે એક સંકલિત ડિજિટલ ઈન્ટરફેસ તરીકે કાર્ય કરે છે.

નોંધનીય છે કે, ગુજરાત રાજ્ય ઉદ્યોગ, વેપાર, કૃષિ અને શહેરીકરણમાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે, જેના કારણે આગામી વર્ષોમાં વીજળીની માંગ અનેકગણી વધવાની છે.

આ વૃદ્ધિને ટકાવી રાખવા માટે રાજ્યના પાવર નેટવર્કને એટલે કે, વીજ જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનને માંગ સર્જાય તે પહેલાંથી અગાઉથી આયોજન સાથે તૈયાર રાખવું ખૂબ જ જરૂરી છે.

અગાઉ, નેટવર્કનું વિસ્તરણ મુખ્યત્વે મેન્યુઅલ ઈનપુટ્સ અને લાંબી મંજૂરી પ્રક્રિયાઓ પર આધારિત હતું, જેના કારણે નિર્ણય લેવામાં વિલંબ થતો હતો. જ્યારે હવે, રાજ્ય સરકારના નવા "ઊર્જા સંવર્ધનમ્" પ્લેટફોર્મના માધ્યમથી સંપૂર્ણ વિશ્લેષિત ડેટા ઉપલબ્ધ થતા નિર્ણય લેવામાં સરળતા થશે અને રાજ્યનું પાવર નેટવર્ક હંમેશા માંગથી એક કદમ આગળ.

ખાસ કરીને, ગ્રામીણ અને શહેરી વિસ્તારોના દૂરના સબસ્ટેશનો પર વીજ વપરાશના અચાનક વધારાની સ્થિતિમાં મુશ્કેલી ન પડે તે માટે આ નવું મોનિટરિંગ સિસ્ટમ લોડ વધારાને સતત એલર્ટ પર રાખશે.

**★ઊર્જા સંવર્ધનમ્ પ્લેટફોર્મ કઈ રીતે કાર્ય કરશે?★**

- ડેટા એકત્રીકરણ અને વિશ્લેષણ: ફીલ્ડમાંથી ભૌગોલિક માંગનો ડેટા એકત્રિત કરીને તેનું વિશ્લેષણ કરવું.
- રિયલ-ટાઈમ મોનિટરિંગ: સબસ્ટેશન અને ફીડરના ગ્રોથ ટ્રેન્ડ્સનું સતત નિરીક્ષણ કરશે. ગુજરાતમાં લગભગ ૨,૪૦૦ સબસ્ટેશનો અને હજારો ૧૧ ક્ર ફીડર્સ મેપ કરવામાં આવ્યા છે.
- નવા સબસ્ટેશન પ્રસ્તાવ: નવા સબસ્ટેશન પ્રસ્તાવોને ડિજિટલ સબમિશનથી લઈને મંજૂરી સુધીના સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ વર્ક-ફ્લોને ટ્રેક કરશે. જેથી મંજૂરી પ્રક્રિયા ઝડપી થશે.
- હીટમેપ અને ડેશબોર્ડ: મેનેજમેન્ટને સંપૂર્ણ દૃશ્યતા આપવા માટે રિયલ ટાઈમ ડેશબોર્ડ અને હીટમેપ્સ પ્રદાન કરશે.

**★લોડ ગ્રોથના આધારે પ્રાથમિકતા★**

આ પ્લેટફોર્મ લોડ ગ્રોથના આધારે સબસ્ટેશનોનું વર્ગીકરણ કરશે. જેમાં ૧૨ ટકાથી વધુ લોડ વૃદ્ધિ ધરાવતા વિસ્તારોને 'ક્રિટિકલ' અને ૯ થી ૧૨ ટકા વૃદ્ધિવાળાને 'વેરી હાઈ' રિસ્ક ગણવામાં આવશે. જેના આધારે ઊર્જા વિભાગ દ્વારા વીજળીના વપરાશમાં ૧૨ ટકા કે તેથી વધુ વપરાશ વાળા વિસ્તારોમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

- સૌપ્રથમ, ૭ ટકાથી વધુ અને ૯ ટકાથી ઓછા લોડ ગ્રોથ ધરાવતા વિસ્તારોને ધ્યાનમાં લઈને, ૬ થી ૧૨ ટકા સુધીના લોડ ગ્રોથવાળા વિસ્તારોને પ્રાધાન્ય આપવામાં આવશે.
- ત્યારબાદ, ૬ થી ૯ ટકા સુધીના લોડ ગ્રોથવાળા વિસ્તારોને પ્રાથમિકતા આપીને વીજ વપરાશ સંબંધિત સુવિધાઓમાં વધારો કરવામાં આવશે.

**★સમગ્ર પાવર સેક્ટરનું ડિજિટલ ટ્રાન્સફોર્મેશન★**

"ઊર્જા સંવર્ધનમ્" પ્લેટફોર્મ ગુજરાતના પાવર સેક્ટરના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માટે એક મોટો આધારસ્તંભ છે. જેના માધ્યમથી:

- પ્રોએક્ટિવ આયોજન: માંગ સર્વોચ્ચ શિખરે પહોંચે તે પહેલાં નેટવર્કને તૈયાર કરી શકાશે.
- પારદર્શિતા: **DISCOMs, GETCO** અને **GUVNL** માટે રિયલ ટાઈમ વિઝિબિલિટી (દૃશ્યતા).
- ડેટા-આધારિત નિર્ણયો: ડેશબોર્ડ્સ અને હીટમેપ્સ દ્વારા સચોટ આંતરદૃષ્ટિ.
- સંકલિત નેટવર્ક વિકાસ: ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન વચ્ચેનું સંકલન સુધરશે, જેથી ડુપ્લિકેશન દૂર થશે અને એક સમાન, રિયલ ટાઈમ માહિતી ઉપલબ્ધ થશે. ગુજરાત સરકાર રાજ્યના તમામ નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાવાળો અને અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા માટે કટિબદ્ધ છે.

આ 'ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ' દ્વારા, વીજ વિભાગ વધુ પારદર્શિતા અને કાર્યક્ષમતા સાથે લોડનું વ્યવસ્થાપન કરીને, રાજ્યના વિકાસ અને ઔદ્યોગિક પ્રગતિમાં ઊર્જાના અવિરત પ્રવાહને સુનિશ્ચિત કરશે.

હૈદરાબાદને વૈશ્વિક ઓળખ આપવાના ઉદ્દેશ્યથી નવતર પહેલ શરૂ કરાઈ: CM રેડ્ડી

# હૈદરાબાદના રસ્તાઓને રતન ટાટા, ગૂગલ અને માઈક્રોસોફ્ટનાં નામ અપાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

તેલંગાણાના હૈદારબાદને ગ્લોબલ સિટી તરીકે વિકસિત કરવા માટે રાજ્યની સરકારે એક અનોખી પહેલ શરુ કરી છે. તેલંગાણાના મુખ્યમંત્રી એ.રેવંત રેડ્ડીએ જાહેરાત કરી છે કે શહેરના કેટલાક મોટા અને મુખ્ય રસ્તાઓના નામ આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રખ્યાત હસ્તીઓ અને વિશ્વની મોટી કંપનીઓના નામ પર રાખવામાં આવશે. આ અંતર્ગત શહેરના મુખ્ય રસ્તાઓના નામ - રતન ટાટા રોડ, ગૂગલ સ્ટ્રીટ, માઈક્રોસોફ્ટ રોડ અને વિપ્રો જંક્શન વગેરે રાખવામાં આવશે. આ નવતર પહેલનો હેતુ હૈદરાબાદને વૈશ્વિક મંચ પર એક નવી ઓળખ આપવાનો અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને આકર્ષિત કરવાનો છે.

તેલંગાણા સરકારે સૌપ્રથમ પ્રમુખ ઉદ્યોગપતિ અને પદ્મભૂષણથી સન્માનિત રતન ટાટાને સન્માન આપવાની પહેલ કરી છે. નેહરુ આઉટર રિંગ રોડ(ઓઆરઆર)ની પાસે રાવિરિયાલાથી શરુ થઈને સૂચિત ફ્યૂચર સિટીને જોડતા ૧૦૦ મીટર પહોળા ગ્રીનફિલ્ડ રેડિયલ રોડનું નામ 'રતન ટાટા રોડ' રાખવાનો નિર્ણય કર્યો છે. રાવિરીયાલા ઈન્ટરચેન્જને પહેલાથી જ 'ટાટા ઈન્ટરચેન્જ' નામ અપાઈ ચૂક્યું છે. સૌથી વધુ ચર્ચિચ પ્રસ્તાવમાં અમેરિકાના વાણિજ્ય દૂતાવાસની સામેના મુખ્ય રોડનું નામ 'ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ' રાખવાનો છે.આ પહેલીવાર છે જ્યારે કોઈ પણ ભારતીય શહેરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નામ પર રોડ હશે. તેલંગાણા સરકાર જલદી જ આ પ્રસ્તાવને આગળ વધારવા માટે કેન્દ્રીય વિદેશ મંત્રાલય અને અમેરિકાના દૂતાવાસને મોકલશે. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીનું માનવું છે કે તેનાથી હૈદરાબાદની આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ વેલ્યુ ઊભી થશે અને અમેરિકા સાથેના રોકાણ-વ્યાપાર સંબંધો પણ મજબૂત થશે. મુખ્યમંત્રીએ એવો પણ સંકેત આપ્યો છે કે હૈદરાબાદના કેટલાક અન્ય મોટા રોડના નામ વિશ્વવિખ્યાત ટેક-કંપનીઓના નામ પર રખાશે.

પ્રારંભમાં અપાયેલી સુનામીની ચેતવણી પરત ખેંચી લેવાઈ

# જાપાનમાં ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ કેટલાય વિસ્તારો ખાલી કરવાની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોક્યો

જાપાનમાં ૭.૬ની તીવ્રતાવાળો ભૂકંપ આવ્યો છે અને તેના પગલે કેટલાય સ્થળો ખાલી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત એક સમયે સુનામીની ચેતવણી આપવામાં આવી હતી, તે પરત ખેંચી લેવામાં આવી છે. ભૂકંપના પગલે જાપાનમાં હોકેઈડો, એઓમોરી અને ઈવેટ માં ચેતવણી જારી કરતાં જણાવાયું છે કે અહીં ત્રણ-ત્રણ મીટર ઊંચા મોજા ઉછળે તેવી સંભાવના છે. ટોહોકુ ઈલેક્ટ્રિક પાવર અને હોકેઈડો ઈલેક્ટ્રિક પાવર દ્વારા સંચાલિત પરમાણુ મથકમાં કોઈ નુકસાનીના સમાચાર નથી, એમ કંપનીઓએ જણાવ્યું હતું. ટોહોકુ ઈલેક્ટ્રિકે જણાવ્યું હતું કે ભૂકંપના કારણે હજારો રહેવાસીઓને પાવર આઉટેજની તકલીફનો સામનો કરવો પડયો હતો. જાપાન સિસ્મિકલી સક્રિય રિંગ ઓફ ફાયર પર આવેલું છે. રિંગ ઓફ ફાયર જ્વાળામુખીની ચેઈન છે અને તે પેસિફિકમાં ઉંડે સુધી પથરાયેલી છે. તેના પરિણામે વિશ્વમાં છ રિક્ટર સ્કેલ કે તેનાથી વધુની તીવ્રતાના આવતા ભૂકંપમાંથી ૨૦ ટકા ભૂકંપ જાપાનમાં આવે છે.વડાપ્રધાન સનાઈ તાકાઈચીએ જણાવ્યું હતું કે સત્તાવાળાઓ નુકસાનની સમીક્ષા કરી રહ્યા છે.

# મમતા બેનર્જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે માફીની માગ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે માફીની માગ કરી છે. મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો કે, વડાપ્રધાને નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને 'બંકિમ દા' કહીને તેમનું અપમાન કર્યું છે. કૂચ બિહાર જિલ્લામાં એક રેલીને સંબોધિત કરતા મમતા બેનર્જીએ કહ્યું કે, 'જ્યારે દેશને આઝાદી મળી ત્યારે વડાપ્રધાનનો જન્મ પણ નહોતો થયો.

તેમ છતાં તેમણે બંગાળના સૌથી મોટા સાંસ્કૃતિક પ્રતીકોમાંથી એકને આટલા સાધારણ રીતે સંબોધિત કર્યા. પીએમ મોદીએ તેમને ન્યૂનતમ સન્માન પણ ન આપ્યું જેના તેઓ હકદાર છે. તમારે આ માટે રાષ્ટ્રની માફી માગવી જોઈએ.'

આ ઉપરાંત સીએમ મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર પાસેથી મદદ ન લેવાની વાત પણ કરી. તેમણે કહ્યું કે, 'અમને કેન્દ્ર સરકાર તરફથી કોઈ મદદ નથી જોઈતી. બંગાળ સરકાર તમામ યોજનાઓ પોતાના દમ પર ચલાવી રહી છે. એક દિવસ પહેલા કેન્દ્રએ રાજ્યને નોટિસ મોકલીને ત્રિમાસિક લેબર બજેટની વિગતો માગી હતી. ૬ ડિસેમ્બર સુધીમાં જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, પરંતુ હું કહેવા માંગુ છું કે તમારી નોટિસનું કોઈ મહત્વ નથી.'

વાસ્તવમાં આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે સોમવારે લોકસભામાં રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂરા થવા પર થયેલી ચર્ચા દરમિયાન વડાપ્રધાને લેખકનો ઉલ્લેખ 'બંકિમ દા' કહીને કર્યો. ટીએમસી સાંસદ સૌગત રોયે 'દા' શબ્દના પ્રયોગ સામે વાંધો ઉઠાવ્યો અને વડાપ્રધાનને તેમને 'બંકિમ બાબુ' કહેવાનો આગ્રહ કર્યો.

પીએમ મોદીએ તરત જ તેમની ભાવના સ્વીકારી અને કહ્યું કે, 'હું બંકિમ બાબુ' કહીશ. આભાર, હું તમારી ભાવનાઓનું સન્માન કરું છું. ત્યારબાદ હળવા અંદાજમાં પીએમએ પૂછ્યું કે શું હવે હું રોયને પણ ''દાદા'' કહી શકુ છું?

ભાજપ પર નિશાન સાધતા મમતા બેનર્જીએ દાવો કર્યો કે, જો ભાજપ બંગાળમાં સત્તામાં આવે તો તે રાજ્યની સંસ્કૃતિ, ભાષા અને વારસાને નષ્ટ કરી દેશે. તેમણે એ પણ દાવો કર્યો કે, **SIP** પ્રક્રિયા બાદ અંતિમ મતદાર યાદી પ્રકાશિત થતાંની સાથે જ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ જાહેર કરવામાં આવશે, જેથી કોઈ તેને કોર્ટમાં પડકારી ન શકે.

'વંદે માતરમ' પર ચર્ચા બાદ આજે **TMC** સાંસદોએ સંસદના સેન્ટ્રલ હોલમાં મૌન પ્રદર્શન કર્યું. તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપે બંગાળના મહાન સાહિત્યકારો રવિન્દ્રનાથ ટાગોર અને બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયનું અપમાન કર્યું છે. સાંસદો સેન્ટ્રલ હોલમાં ટાગોર અને ચટ્ટોપાધ્યાયની તસવીરો લઈને મૌન બેઠા હતા. બાદમાં તેઓ બંધારણ ખંડના પ્રવેશદ્વાર પર ઉભા રહ્યા.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ચાંદીના વાયદામાં રૂ.૧૩૨૬ની તેજીઃ સોનાના વાયદામાં રૂ.૪નો મામૂલી સુધારોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૯ ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૨૦૦.૫૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૫૪૨૮.૭૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૦૬૮૬.૮૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૧૨૬૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૨૬૩૫.૧૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૨૦૦.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૫૪૨૮.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૫.૭ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૨૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૬૩૪.૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૦૬૮૬.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦૦૪૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦૨૮૮ અને નીચામાં રૂ.૧૨૯૧૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૯૬૨ના આગલા બંધ સામે રૂ.૪ વધી રૂ.૧૨૯૯૬૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૨ વધી રૂ.૧૦૪૨૧૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૩૦૪૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬ ઘટી રૂ.૧૨૮૬૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૦૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૯૨૫૨ અને નીચામાં રૂ.૧૨૮૧૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૦૩૦ના આગલા બંધ સામે રૂ.૩૦ ઘટી રૂ.૧૨૯૦૦૦ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૮૨૭૬૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૮૪૧૬૩ અને નીચામાં રૂ.૧૮૦૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૮૧૭૪૨ના આગલા બંધ સામે રૂ.૧૩૨૬ વધી રૂ.૧૮૩૦૬૮ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩૮૩ વધી રૂ.૧૮૩૭૬૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩૨૦ વધી રૂ.૧૮૩૭૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૩૨૬૮.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૧૦.૮૫ ઘટી રૂ.૧૦૮૬.૨ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૨.૨૫ ઘટી રૂ.૩૧૧.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૨.૨૫ ઘટી રૂ.૨૭૬ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૬૦ પૈસા ઘટી રૂ.૧૮૧.૮૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૨૧૧.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૬૦ અને નીચામાં રૂ.૩૬૬૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૯ ઘટી રૂ.૩૭૧૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૨૬ અને નીચામાં રૂ.૫૨૮૦ના મથાળે અથડાઈ, રૂ.૫૩૩૪ના આગલા બંધ સામે રૂ.૧૯ ઘટી રૂ.૫૩૧૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૭ ઘટી રૂ.૫૩૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૩.૫ ઘટી રૂ.૪૩૫.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૩.૫ ઘટી રૂ.૪૩૫.૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૦૮.૯ના ભાવે ખૂલી, ૮૦ પૈસા ઘટી રૂ.૯૦૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૫૦ ઘટી રૂ.૨૫૧૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૮૦ના ભાવે ખૂલી, રૂ.૧૩ ઘટી રૂ.૨૬૨૩ થયો હતો.


કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૯૦૮૧.૪૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૬૦૫.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૬૫૪.૮૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૨૪.૧૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૪૦.૫૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૮.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૨.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૪૮.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૬૫૦.૮૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૫.૪૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૫૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૫૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૭૭૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૯૧૦૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૮૧૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૪૦૭૮૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૩૯૨૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૨૫૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૫૧૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૬૦૩૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૬૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૭૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૮૯૨૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૨૩૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૧૩૫૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૧૦૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૬ પોઈન્ટ વધી ૩૧૨૬૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૬ ઘટી રૂ.૯૯.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭ ઘટી રૂ.૨૦.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩ વધી રૂ.૫૭૧.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૪૦ વધી રૂ.૫૨૫૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૩૭ ઘટી રૂ.૧૫.૫ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૭ પૈસા ઘટી રૂ.૨.૮૨ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૫ વધી રૂ.૮૬.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૭ વધી રૂ.૧૯.૫ થયો હતો. સોનું ડિસેમ્બર રૂ.૧૨૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩.૫ ઘટી રૂ.૧૭૬૦.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૮૯ ઘટી રૂ.૪૪૫૭ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૯૯ વધી રૂ.૧૮.૧ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૩ પૈસા વધી રૂ.૩.૯૬ના ભાવે બોલાયો હતો.




## અજમેર–મદાર સેક્શનમાં એન્જિનિયરિંગ કામ માટે બ્લોકને કારણે પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ (૧૯૨૬૯) પરિવર્તિત માર્ગેથી સંચાલિત થશે

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા અજમેર–મદાર (AII–MDJN) સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર ૪૪ પર R.U.B. માટે LHS (લોઅરિંગ ઓફ હાઈ સ્પીડ) કાર્ય કરવા માટે તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ બ્લોકનો પ્રભાવ પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળની ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ પર પડશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ (ગુરુવાર)ના રોજ પોરબંદર સ્ટેશન પર થી પ્રસ્થાન કરતી પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ (૧૯૨૬૯)ને ઉપરોક્ત બ્લોકને કારણે દૌરાઈ–મદાર જંકશન બાયપાસ લાઈન મારફતે સંચાલિત કરવામાં આવશે. આ અવધી દરમિયાન આ ટ્રેન અજમેર સ્ટેશન પર નહીં જાય.

મુસાફરોની સુવિધા માટે દૌરાઈ અને મદાર જંકશન સ્ટેશનો પર આ ટ્રેનને વધારાનું સ્ટોપ આપવામાં આવ્યું છે. રેલવે પ્રશાસને મુસાફરોને અપીલ કરી છે કે મુસાફરી પહેલાં ટ્રેનની નવીનતમ સ્થિતિની માહિતી માટે ભારતીય રેલની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in, NTES એપ અથવા ૧૩૯ હેલ્પલાઈન પર અવશ્ય સંપર્ક કરે.

## શહેરી વિકાસ વર્ષ -૨૦૨૫ અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત યોજનાઓના માર્ગદર્શન અર્થે વર્ચ્યુઅલ તાલીમ સેમીનારનું આયોજન

રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે વર્ષ ૨૦૨૫-૨૬ માં નવી બાબતો સહિત કુલ રૂ!.૧૧૮૯૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત યોજનાઓ જેવી કે ૧૫મું નાણાપંચ, બૂનિયાદી મુડી પગાર ભથ્થા ગ્રાંટ, જમીન મહેસૂલ ગ્રાંટ, વ્યવસાય વેરા ગ્રાંટ, ઓક્ટ્રોય ગ્રાંટ, રાજ્ય સ્તરની કેડર પગાર ભથ્થા ગ્રાંટ, શિક્ષણ ઉપકર ગ્રાંટ વગેરે અંતર્ગત રાજયની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓને ગ્રાંટની ફાળવણી કરવામાં આવે છે. વિકાસના કામો માટે સુવ્યવસ્થિત ભૌતિક તેમજ નાણાંકીય આયોજન થઈ શકે તથા ફાળવેલ ગ્રાંટના હેતુઓ સિધ્ધ થઈ શકે તે માટે ચૂંટાયેલી પાંખ તથા સબંધિત અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અમલીકૃત યોજનાઓ / કામગીરીના તાલીમના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

સમયસર શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ના ઉપલક્ષમાં સપ્ટેમ્બર-૨૦૨૫ થી માર્ચ -૨૦૨૬ સુધી રાજયની તમામ ૧૫૨ નગરપાલિકાઓ તથા ૧૭ મહાનગરપાલિકાઓમાં વર્ચ્યુઅલ તાલીમ સેમિનારનાં કાર્યક્રમનું દૈનિક રીતે આયોજન કરેલ છે. અત્યાર સુધી કુલ ૩૫ નગરપાલિકાઓમાં સેમિનાર સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. રાજ્યની નગરપાલિકાઓમાંથી કુલ ૧૨૦૦ જેટલા ચૂંટાયેલી પાંખના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવેલ છે.

આ તાલીમને કારણે રાજયની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ સરકારશ્રીની વિવિધ યોજનાઓથી માહિતગાર થવાથી વિકાસના વિવિધ કામોનું સમયમર્યાદામાં અસરકારક અમલીકરણ થઈ શકશે.

## પાટીદાર આગેવાનોની ગુજરાત સરકાર સમક્ષ બે મહત્વપૂર્ણ રજુઆતઃ ગુજરાત સરકાર સાથે તાબડતોબ કરી બેઠક

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટીદાર સમાજના આગેવાન યુવાનો, જેમાં દિનેશ બાંભણીયા, એસપીજી પ્રવકતા પૂર્વીન પટેલ અને વરૂણ પટેલ સહિતના નેતાઓ નો સમાવેશ થાય છે, આજે મંગળવારે ગાંધીનગર સ્વર્ણિક સંકુલ ખાતે નાયબ મુખ્યમંત્રી અને કાયદામંત્રીને મળ્યા હતા. આ બેઠક મુખ્યત્વે બે મુદ્દાઓ ભાગેડુ લગ્નપ્રથા (ફરાર થઈને કરાતા લગ્ન) માં સુધારો અને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (ઈડબલ્યુએસ) માટે અનામત લાગુ કરવાની માંગ પર કેન્દ્રીત હતી, જેમાં મુદ્દા નંબર ૧માં નાયબ મુખ્યમંત્રી સાથેની બેઠક પૂર્ણ થયા બાદ પાટીદાર આગેવાન દિનેશ બાંભણીયાએ જણાવ્યુ હતુ કે સમાજ દ્વારા લગ્ન નોંધણી પ્રથામાં ફેરફાર કરવા માટે મહત્વપૂર્ણ રજુઆતો કરવામાં આવી હતી. બાંભણીયાએ વધુમા કહયુ હતુ કે સરકારે અમને આશ્વસ્ત કર્યા છે કે આ અંગે ટુંક સમયમાં કાયદો બનાવવામાં આવશે, તેમની માંગણી હતી કે લગ્ન માત્ર આધારકાર્ડના સરનામે જ થવા જોઈએ, જેથી કાયદાકીય પ્રક્રિયા સરળ બને, લગ્ન નોંધણીના કિસ્સામાં માતા પિતાને વાંધો લેવા માટે યોગ્ય સમય આપવામાં આવે તેવી પણ રજુઆત કરાઈ હતી. તમામ લગ્ન નોંધણી પ્રક્રિયાને ઓનલાઈન કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. દિનેશ બાંભણીયાએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તલાટીઓ દ્વારા બોગસ લગ્ન નોંધણીની રેકેટ ચાલી રહ્યુ છે. આ મામલે ગૃહમંત્રીએ આવા તલાટીઓ સામે કડક પગલા લેવા માટે આદેશ આપ્યા હોવાની જાણકારી તેમણે આપી હતી. આ બેઠક પાટીદાર ચિંતન શિબિરમાં ભાગેડુ લગ્ન પ્રથા વિરૂધ્ધ થયેલી ચર્ચાના અનુસંધાનમાં યોજાઈ હતી અને અગાઉ પણ સમાજે આ અંગે મંત્રણાઓ કરી છે. અન્ય એક મહત્વના મુદ્દા પર પાટીદાર આગેવાન વરૂણ




પટેલે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઈડબલ્યુ એસ કેટેગરીને અનામત આપવા માટે સરકાર સમક્ષ માંગણી કરી હતી. હાલમાં ઈડબલ્યુએસ કેટેગરીને અનામત માત્ર શિક્ષણ અને રોજગારના ક્ષેત્રોમાં જ લાગુ છે. વરૂણ પટેલે માંગ કરી હતી કે અન્ય પછાત વર્ગ (ઓબીસી) અનામતની જેમ જ ઈડબલ્યુએસ ને પણ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં અનામત મળવુ જોઈએ, સરકારે આ મામલે ઝવેરી કમિશન અને હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના આદેશોનો અભ્યાસ કરીને યોગ્ય પગલા લેવાની ખાત્રી આપી હતી. વરૂણ પટેલે આશા વ્યકત કરી હતી કે અમને આશા છે કે આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પહેલા ઈડબલ્યુએસ અનામત લાગુ પાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પાટીદાર સમાજના આ યુવા આગેવાનોની આ રજુઆતો સરકાર કયારે અને કેવી રીતે અમલમાં મુકે છે તેના પર સમગ્ર સમાજની નજર ટકેલી છે.

### ૧૩૩ વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની ૧૦૦% કામગીરી સંપન્ન

## SIR ઝુંબેશના ગણતરીના તબક્કામાં ૫.૦૮ કરોડ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે, ૧૭ જિલ્લાઓમાં ૧૦૦% કામગીરી

### ગેરહાજર-સ્થળાંતરિત અને મૃતક મતદારોની યાદી CEO તથા જિલ્લાસ્તરે વેબસાઈટ પર મુકાઈ

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશનો ગણતરીનો તબક્કો તા.૧૧ ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. પરંતુ તે પહેલા જ BLO સ્તરથી લઈને CEO કચેરી સુધીના સમગ્ર ચૂંટણી સ્ટાફની મહેનત રંગ લાવી છે, જેના પરિણામે ગણતરીના તબક્કાની ૯૯.૯૭ % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. તથા રાજ્યના તમામ ૫.૦૮ કરોડ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે છે. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં ૫.૦૮ કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી રહી છે જે હવે પૂર્ણતના આરે છે. ગણતરીના તબક્કામાં રાજ્યના ૧૭ જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી છે.

૧૦૦ % કામગીરીનો સિમાચિહ્ન હાંસલ કરનાર જિલ્લાઓ

| | |
|---|---|
| ૧ | અવલ્લી |
| ૨ | વલસાડ |
| ૩ | મહીસાગર |
| ૪ | પાટણ |
| ૫ | બનાસકાંઠા |
| ૬ | સુરેન્દ્રનગર |
| ૭ | સાબરકાંઠા |
| ૮ | આણંદ |
| ૯ | ગીર સોમનાથ |
| ૧૦ | દાહોદ |
| ૧૧ | રાજકોટ |
| ૧૨ | તાપી |
| ૧૩ | ડાંગ |
| ૧૪ | પોરબંદર |
| ૧૫ | જૂનાગઢ |
| ૧૬ | મોરબી |
| ૧૭ | ખેડા |

આમ, સરવાળે રાજ્યની કુલ ૧૩૩ વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બેઠકોની શૃંખલા યોજવામાં આવી રહી છે. તા. ૭, ૮ અને ૯ ડિસેમ્બર એમ ત્રણ દિવસ દરમિયાન બૂથ લેવલ ઓફિસર અને માન્ય રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન થયું છે. આ બેઠકોના નિષ્કર્ષ રૂપે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી રહી છે. તથા મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ https://erms.gujarat.gov.in/ceo-gujarat/master/BLA-BLO-Meeting.aspx પર પ્રકાશિત કરવામાં આવી છે. જિલ્લાવાર મુકવામાં આવેલી વિગતોમાંથી મતદારો પોતે પણ ચકાસણી કરી શકે તેવી સરળ વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ છે. અત્યારસુધીની કામગીરી દરમિયાન રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં કુલ ૪.૨૧ લાખથી વધુ સિનિયર સિટિઝન (૮૫ વર્ષથી વધુ વયના) ધ્યાને આવ્યા છે. જેમની ખરાઈ ચાલી રહી છે. સાથોસાથ જે મતદારોના નામ બે કે તેથી વધુ જગ્યાઓ પર હોય તેમની વિગતો અદ્યતન સોફ્ટવેરની મદદથી મેળવવામાં આવી છે. જેમાં ૧૧.૫૮ લાખથી વધુ DSE (ડેમોગ્રાફિકલી સિમિલર એન્ટ્રી) ધ્યાને આવી છે. જેની ચકાસણી BLO તથા ERO સ્તરે ચાલી રહી છે. આ ઉપરાંત ૧૮ લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે ૧૦.૩૭ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૪૦.૪૭ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

## યુપીના રાજયપાલ આનંદીબેન પટેલે ગુજરાતમાં આવીને દારૂબંધી વિશે ઘણુ કહ્યુ : સોશીયલ મીડીયામાં વિડીયો થયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઉત્તર પ્રદેશના રાજયપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રવિવારે મહિલાઓની સુરક્ષાનો હવાલો આપતા ગુજરાતમાં દારૂબંધી હળવી કરવાનો વિરોધ કર્યો હતો અને તેમણે ઉમેર્યુ હતુ કે ઉત્તર પ્રદેશમાં કેટલીક એવી જગ્યાઓ છે જયાં મહિલાઓ આજે પણ મુકતપણે બહાર નિકળી શકિત નથી. તેમના જીવન પરના પુસ્તક ચુનૌતીયા મુઝે પસંદ હૈ, ના ગુજરાતી સંસ્કરણના વિમોચન પ્રસંગે બોલતા તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની તુલના ચાણકય સાથે કરી અને ઉમેર્યુ કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ સલાહ આપશે,

અત્રે જણાવી દઈએ કે પીએમ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન આનંદીબેન પટેલ અને અમિત શાહ




કેબિનેટ મંત્રી હતા. શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ભાષણ આપ્યા પછી તરત જ નીકળી ગયા હતા. કારણ કે તેમને બીજા કાર્યક્રમમાં હાજરી આપવાની હતી, ત્યારબાદ આનંદીબેન પટેલે કહ્યુ હતુ કે ગૃહમંત્રી હમણાં જ બીજા કાર્યક્રમ માટે ગયા છે, આપણે બધા તેમને ચાણકયના નામથી ઓળખીએ છીએ, અને તેઓ ખરેખર ચાણકય છે (તેઓ જાણે છે ) કોને પ્રોત્સાહન આપવુ અને કોને નહી, વધુમાં કહ્યુ તેઓ (શાહ) નરેન્દ્રભાઈને પણ કહેતા આ જ કરવુ જોઈએ, કારણ કે અમે કેબિનેટ માં સાથે બેસતા હતા, આ બાબતો તેમને અનુકુળ આવે છે, મને નહી, મારી પાસે શિક્ષકનો આત્મા છે, હું શિક્ષણ સિવાય બીજુ કઈ કરી શકતી નથી. આ બધુ તેમના (શાહ) માટે છે, ગુજરાતમાં દારૂબંધી અંગે તેમણે કહ્યુ હતુ કે મેં સાંભળ્યુ છે કે તમે ગુજરાતમાં દારૂબંધી ખોલવાની વાત કરી રહ્યા છો, મે તે અખબારોમાં વાચ્યુ છે, આપણા ગુજરાતમાં મહિલાઓ રાત્રે ૪ વાગ્યા સુધી ગરબા રમી શકે છે અને તે દારૂબંધીને કારણે છે, જયારે ઉત્તર પ્રદેશમાં કેટલીક જગ્યાએ સ્થિતિ એવી છે કે મહિલાઓ આજે પણ બહાર નીકળી શકતી નથી. આપણે બંધ કરતા પહેલા ઘણુ વિચારવુ જોઈએ તેના શું પરીણામો આવશે, જુઓ કે અહી જે લોકો એસીએસ (અતિરીકત મુખ્ય સચિવ) અને સીએસ (મુખ્ય સચિવ) રહ્યા છે. તેમના પરીવારો (નિવૃત્તિ પછી) કયાં સ્થાયી થયા છે ? શું તેઓ (પોતાના વતન રાજયોમાં ) પાછા ગયા કે ગુજરાતમાં સ્થાયી થયા ? તેઓ ગુજરાતમાં કેમ સ્થાયી થયા ? (તેમની ) પુત્રીઓ માટે, મહિલાઓ માટે શાંતિ, અને તે શાંતિ નો ભંગ થવા દેવો ન જોઈએ. અગાઉના કાર્યક્રમમાં અમિત શાહે આનંદીબેન પટેલની પ્રશંસા કરતા કહ્યુ હતુ કે તેમણે ધીરજપૂર્વક આંદોલનોને સંભાળ્યા, જે ૨૦૧૫ ના પાટીદાર આંદોલનનો ઉલ્લેખ હોઈ શકે છે.

## પૂર્વોત્તર રેલવેમાં નૉન ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પૂર્વોત્તર રેલવેના મઊ-પિપહરી ડીહ-દુલ્લહપુર સેક્શનમાં પેચ ડબલિંગ કમીશનીંગ અને મઊ-ખુરહટ પ્રી-નૉન ઈન્ટરલોકિંગ કામને લીધે અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :-

આંશિક રદ ટ્રેનો

- ૧૬ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નં. ૧૯૪૮૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ વારાણસી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ (સમાપ્ત) થશે તથા વારાણસી-ગોરખપુર વચ્ચે આંશિક રદ રહેશે.
- ૧૭ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૪૯૦ ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ વારાણસી સ્ટેશનથી ઓરિજિનેટ (પ્રારંભ) થશે અને ગોરખપુર-વારાણસી સ્ટેશન વચ્ચે આંશિક રદ રહેશે.

રિશિડ્યુલ/રેગ્યુલેટ ટ્રેનો

- ૧૭ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૪૮૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ અમદાવાદથી ૪ કલાક મોડી પ્રસ્થાન કરશે.
- ૯,૧૦ અને ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નં. ૧૯૪૮૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ માર્ગમાં ૫૦ મિનિટ રેગ્યુલેટ (લેટ) થશે.

માર્ગ પરિવર્તિત ટ્રેન

- ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સ્પેશિયલ નિર્ધારિત માર્ગ ફેફના-ઈંદારા-મઊ-શાહગંજને બદલે પરિવર્તિત માર્ગ વાયા ફેફના-ગાજીપુર સિટી-ઔડિહાર-જૌનપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન શાહગંજ અને અયોધ્યા કેન્ટ સ્ટેશન પર જશે નહી.
- ૧૦,૧૩ અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૧૬૬ દરભંગા-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ફેફના-ઈંદારા-મઊ-શાહગંજને બદલે પરિવર્તિત માર્ગ ફેફના-ગાજીપુર સિટી-ઔડિહાર-જૌનપુરના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન શાહગંજ, આજમગઢ, મઊ અને બલિયા સ્ટેશનો પર જશે નહીં.

ટ્રેનોના સંચાલન, સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### દિકરાને ડોકટર બનાવવાનુ સ્વપ્નુ જોતા વાલીઓ માટે ચિંતાના વાદળો ઘેરાયા

# સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રદ્યુમન વાજા ની ઉદાસીનતાને કારણે સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓનુ ભાવિ અંધકારમય

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર ના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના તાંબા હેઠળના નિગમોમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના બક્ષીપંચ, એસસી અને લઘુમતિ સમુદાયના વિદ્યાર્થીઓને દેશ-વિદેશમાં મેડીકલ વિદેશ અભ્યાસ અર્થે જરૂરી દસ્તાવેજો લઈ લોન/ સહાય આપવામાં આવે છે.




જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓના દેશ વિદેશમાં એક સેમીસ્ટર પુરૂ થવા આવ્યુ હોવા છતાંય હજુ સુધી સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને નિગમ દ્વારા ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં ન આવતા હાલમાં બક્ષીપંચ, એસસી અને લઘુમતિ સમુદાયના યુવાનોનુ ભાવિ અંધકારમય બની જવા પામ્યુ છે. આ અંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રદ્યુમન વાજાને જાણે જાતિના વિદ્યાર્થીઓની કોઈ ચિંતા કે ફીકર ન હોય તેમ મંત્રી વાજા દ્વારા ગંભીરતા લેવામાં ન આવતા મંત્રીના ઉદાસીનતાના કારણે કેટલાક વિદ્યાર્થીઓ હાલમાં ઉંચા વ્યાજે લોન લેવા માટે આમ તેમ ભટકી રહ્યા છે, પોતાના વ્હાલા દિકરાને ડોકટર બનાવવા માટે લોન લેવા માટે સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો આમ તેમ ભટકી રહ્યા છે, આ અંગે વિકસતિ જાતિ નિયામકને પુછવામાં આવતા તેઓએ કહ્યુ હતુ કે મને આ વિશે ખબર નથી પરંતુ હું જાણી અને જવાબ આપુ છુ તેવુ કહી નિયામક દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા હાલમાં વિદ્યાર્થીઓના વાલીઓને પોતાના દિકરાના ભવિષ્ય માટે શું કરવુ તે એક મોટો સવાલ ઉભો થવા પામ્યો છે. વિકાસના નામે મોટા મોટા બણંગા ફુંકતા અને અનામત બેઠકો પર જીતેલા એકેય નેતાઓ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કોઈ ફીકર કે ચિંતા કરવામાં ન આવતા જાતિના વિદ્યાર્થીઓનુ ભાવિ અંધકારમય બની જવા પામ્યુ છે.

# કેન્દ્ર સરકાર દ્વારા અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના કાર્યરત કરવામાં આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અનુસુચિત જનજાતિ એસટીના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાની કારકિર્દીનુ ઉત્તમ ઘડતર કરી શકે તે હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા આ વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના કાર્યરત કરવામાં આવી છે જે અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી છેલ્લા પાંચ વરસમાં કુલ ૧૧ લાખ થી વધુ વિદ્યાર્થીઓને રૂપીયા ૨૪૭૦.૫૭ કરોડની શિષ્યવૃત્તિ સહાયનો લાભ આપવામાં આવ્યો છે તેવુ આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે મીડીયાને વિગતો આપતા જણાવ્યુ હતું.

રાજયમંત્રી રમેશ કટારા, પી સી બરંડા અને ડોકટર જયરામ ગામીતની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં મંત્રી નરેશ પટેલે જણાવ્યુ હતુ કે આ યોજના હેઠળ રાજયમાં ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓનલાઈન પોર્ટલ પર મળેલી અરજીઓ તેમજ અગાઉની પડતર અરજીઓ પૈકી ૧.૧૨ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને રૂપીયા ૪૬૦ કરોડની સહાય આપવામાં આવશે. આ સહાય વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં ડીબીટી હેઠળ જમા કરવામાં આવશે. આ શિષ્યવૃત્તિમાં ઉચ્ચ અભ્યાસક્રમ હેઠળ મેડીકલ, પેરા મેડીકલ, ઈજનેરી, સ્નાતક કક્ષામાં, આર્ટસ, કોમર્સ તથા સાયન્સ તેમજ શિક્ષણ કક્ષાના બીએડ્ અને એમએડ જેવા મહત્વપૂર્ણ અભ્યાસક્રમનો સમાવેશ થાય છે. આદિજાતિ મંત્રીએ વધુમા કહ્યુ હતુ કે અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓના વિવિધ શૈક્ષણિક વિકાસ માટેની યોજનાઓનો સુપેરે અમલ કરવામાં આવી રહ્યો છે.

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને એસએસસી પછીના ઉચ્ચ અભ્યાસ માટે ગૃપ ૧ થી ૪ માં વિભાજીત કર્યા મુજબતના અભ્યાસક્રમો માટે દર માસે શિષ્યવૃત્તિ અને અભ્યાસ ક્રમ માટે નિયત કરેલ શિક્ષણ ફી ની સહાય આપવામાં આવે છે.

આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર ૭૫ ટકા અને રાજય સરકાર દ્વારા ૨૫ ટકા મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. શિક્ષણ એ આદિજાતિ સહિત તમામ સમુદાયના સામાજિક અને આર્થિક ઉન્નતિનુ સૌથી શકિતશાળી સાધન છે. તેથી આવનારા સમયમાં પણ યોજનાને વધુ મજબુત બનાવવા, વધુ વિદ્યાર્થીઓ સુધી પહોચાડવા અને શૈક્ષણિક ક્ષેત્રમાં સમાન તક ઉપલબ્ધ કરાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેવુ મંત્રી નરેશ પટેલે જણાવ્યુ હતું.

અનુસુચિત જનજાતિ એસટીના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાની કારકિર્દીનુ ઉત્તમ ઘડતર કરી શકે તે હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા આ વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના કાર્યરત કરવામાં આવી છે જે અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી છેલ્લા પાંચ વરસમાં કુલ ૧૧ લાખ થી વધુ વિદ્યાર્થીઓને રૂપીયા ૨૪૭૦.૫૭ કરોડની શિષ્યવૃત્તિ સહાયનો લાભ આપવામાં આવ્યો છે તેવુ આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે મીડીયાને જણાવ્યુ હતું.

# રાજકોટ જેલ પર ગયા તો જેલ સુપ્રિટેન્ડેન્ટ જ જતા રહ્યાઃ આ હદની તાનાશાહી ભાજપ કરી રહ્યુ છેઃ ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




કેજરીવાલને આજે રાજકોટ જેલમાં બંધ ખેડુતોને મળવા ન દેતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ મીડીયાને જણાવ્યુ હતુ કે બોટાદના હડદડ ગામે કડક પ્રથાના વિરોધમાં આંદોલન કરનારા ખેડુતો પર ખોટી એફઆઈઆર કરવામાં આવી છે. છેલ્લા બે મહિનાથી ભાજપ સરકારે તેઓને જેલમાં પુરી રાખ્યા છે. રાજકોટની જેલમાં બંધ ગુજરાતના ખેડુતોને મળવા માટે અરવિંદ કેજરીવાલે જેલ અને પોલીસ તંત્રને પણ એક પત્ર લખ્યો હતો.

મે એસપી તથા તેમના રીડર પીઆઈને ફોન થી ગઈ કાલે જાણ કરી હતી, ટેલીફોન કરીને, વોટસએપ કરીને, ઈમેઈલ કરીને, તમામ રસ્તાઓ અપનાવીને ગઈ કાલ થી જ અમે જેલ અને સરકારી તંત્રને અમે વિનંતી કરી રહ્યા છીએ કે અમને જેલમાં બંધ ખેડુતોને મળવા માટેની વ્યવસ્થા કરી આપો, અરવિંદ કેજરીવાલ ખેડુતોને મળીને તેમની હિંમતને બિરદાવવા માંગે છે, તેમના મનોબળને મજબુત કરવા માટે મળવા માંગે છે, પણ ભાજપના પેટમાં તેલ રેડાયુ છે કે અરવિંદ કેજરીવાલ ખેડુતોને કેવી રીતે મળી શકે ? ગઈ કાલ સોમવાર બપોરથી કોશિષ કરી રહ્યા છીએ તેમ છતાંય આજે મંગળવારે બપોરના જેલ તંત્ર અને પોલીસ તંત્ર ના પાડે છે, જેલ બંધ કરી બહાર ૧૦૦ થી ૧૫૦ પોલીસ કર્મીઓને બેસાડી દેવામાં આવ્યા હતા. જેલ તરફના રોડ રસ્તાઓ પર પણ નાકાબંધી કરી દીધી હતી. અમે એવુ નકકી કર્યુ કે અમને જેલ માં મળવા માટેની વ્યવસ્થા કરાવો, તેઓ રાષ્ટ્રીય પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર છે અને તેમને મળવાનો અધિકાર છે, અમે અરજી આપી હતી તો તેઓએ અમને મૌખિક રીતે ના પાડી હતી. અમે લેખિતમાં માંગણી કરી હતી કે તમારી પાસે શું કારણો છે કે મળવાની ના પાડો છો, તો પણ તેઓ લખીને આપવાનુ ના પાડે છે, ખેડુતોએ કોઈ ખરાબ કામ કર્યુ નથી પણ બહાદુરીનુ કામ કર્યુ છે અમે એવુ નકકી કર્યુ કે જેલ પર જઈને જેલ સુપ્રિટેન્ડેન્ટને મળીએ, જેલ પર ગયા તો એવુ જાણવા મળ્યુ કે જેલ સુપ્રિટેન્ડેન્ટ પણ હાજર નથી, ત્યાંથી એવુ કહેવામાં આવ્યુ કે તેઓ બીજી જગ્યાએ ગયા છે, જેલના અધિકારીઓ પણ જેલ છોડીને નિકળી ગયા હતા. આ હદની તાનાશાહી ભાજપ સરકાર કરી રહ્યુ છે.

# અમદાવાદમાં આંગણવાડી અને આશાવર્કર બહેનોનુ પગાર વધારા સહિતની માંગણીઓ સાથે વિરોધ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતની આંગણવાડી બહેનો અને આશા વર્કર બહેનો પોતાની પડતર માંગણીઓને લઈને અમદાવાદ કલેકટર કચેરી ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ પર ઉતરી ગયા છે આ સાથે જ તાનાશાહી બંધ કરો ના નારા લગાવી આશા વર્કર અને આંગણવાડી વર્કર બહેનોએ વિરોધ નોંધાવ્યો હતો. અમદાવાદ કલેકટર કચેરી ખાતે મોટી સંખ્યામાં આશા વર્કર બહેનો અને આંગણવાડી બહેનો સવાર થી જ ધરણાં પર બેસી ગઈ હતી. આ દરમિયાન આશા વર્કર અને આંગણવાડી વર્કર બહેનોએ દાવો કર્યો હતો કે બાળક દીઠ શાકભાજીના ૧૦ પૈસા અને તુવેર દાળના ૬૦ પૈસા, ફ્રુટના બાળક દીઠ ૩ રૂપીયા આપવામાં આવે છે, હવે આટલા ભાવમાં કુપોષણ કઈ રીતે દુર કરી શકીએ, આશા વર્કર બહેનો અને આંગણવાડી બહેનો રોડ રસ્તા પર આજે ઉતરી આવતા માર્ગ ઉપર ચકકાજામ જેવા દ્રશ્યો સર્જાયા હતા. ઉલ્લેખનીય છે કે નામદાર હાઈકોર્ટના ચુકાદા બાદ પણ લઘુત્તમ વેતન આપવામાં ન આવતા આંગણવાડી અને આશા વર્કર સરકાર સામે વિરોધ પ્રદર્શન પર ઉતરી ગઈ છે. છેલ્લા ઘણા સમયથી પડતર માંગણીઓને સરકાર પાસે રજુઆત કરવા છતાં સરકારે માંગણીઓ ન સ્વીકારતા હવે આશા વર્કર બહેનો અને આંગણવાડી બહેનો રોડ રસ્તા પર ઉતરી આવી હતી. અમદાવાદ કલેકટર કચેરી ખાતે મોટી સંખ્યામાં આશા વર્કર બહેનો અને આંગણવાડી વર્કર બહેનો સવાર થી જ ધરણાં પર બેસી ગઈ હતી. એક દિવસના પ્રતિક ઉપવાસ પર બેસીને સરકાર સમક્ષ પોતાની પડતર માંગણીઓ સ્વીકારવામાં આવે તે માટેની માંગ કરવામાં આવી હતી.

# બોડેલી હોસ્પીટલમાં મૃત-વિદેશી ટ્રસ્ટીઓના નામે કરોડો રૂપીયાની ઉચાપતઃ ભાજપના નેતાઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

બોડેલીમાં મૃત્યુ પામેલા વ્યકિતઓને વરસો સુધી ટ્રસ્ટી તરીકે ચાલુ રાખવામાં આવતા ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. મૃત ટ્રસ્ટીઓના નામની બોગસ ખોટી સહી કરીને ઠરાવો અને ખરા તરીકે ઉપયોગમાં લઈ ગુન્હો આચરવામાં આવ્યો હતો.




એક ટ્રસ્ટીએ દેશની નાગરીકતા છોડી દીધી હોવા છતાં તે ટ્રસ્ટી તરીકે ચાલુ રહી ખોટા ઠરાવો કરેલ છે. આ સિવાય ફરીયાદમાં ટ્રસ્ટ સામે નાણાંકીય ગેરરીતીનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે જેમાં ટ્રસ્ટની જમીનોનુ ગેરકાયદેસર વેચાણ અને ભાડા વગેરેના ઠરાવ માં બોગસ ખોટી સહીઓ કરીને લાખો કરોડો રૂપીયાની ઉચાપત કરી વિશ્વાસઘાત કરાયો છે. આ કેસમાં હોસ્પીટલના પ્રમુખ અને પૂર્વ સરપંચ તેમજ ભાજપના દિગ્ગજ નેતા કંચન પટેલ મુખ્ય આરોપી છે. કંચન પટેલ અગાઉ પણ ભકત ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં બોગસ દસ્તાવેજો બનાવવા બાબતે ફરીયાદમાં આરોપી હતા. જો કે હોસ્પીટલમાં છેતરપીડીંની ફરીયાદ દાખલ થયા બાદ થી આરોપી ભાજપના નેતા કંચન પટેલ ફરાર છે અને આ અગાઉ પણ ૩ મહિના ફરાર રહી ચુકયા હતા. કંચન પટેલ કરોડો રૂપીયાની સંપત્તિના માલીક છે અને તેમના પરીવારના સભ્યો અમેરીકાની નાગરીકતા ધરાવે છે.

# વકફ મિલ્કતોની નોંધણી માટેનો સમયગાળો લંબાવાયોઃ હવે ૫ જુન ૨૦૨૬ સુધી મિલ્કતોની નોંધણી કરી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વકફ મિલ્કતોની નોંધણી બાબતે ભારત સરકારના લઘુમતિ મંત્રાલય દ્વારા તારીખ ૬/૬/૨૦૨૫ ના રોજ ઉમ્મીદ પોર્ટલ ૨૦૨૫ અમલમાં મુકવામાં આવેલ છે. રાજયમાં નોંધાયેલ વકફ મિલ્કતોની વિગતો આ પોર્ટલ ઉપર ૬ માસની સમય મર્યાદામાં તારીખ ૬/૧૨/૨૦૨૫ સુધીમાં અપલોડ કરી દેવાની રહેતી હતી. તારીખ ૬/૧૨/૨૦૨૫ ના રોજ સમય મર્યાદા પુરી થતા અપલોડ કરવા બાકી રહી ગયેલ ટ્રસ્ટો વતી ગુજરાત રાજય વકફ બોર્ડ ગાંધીનગર દ્વારા તાત્કાલીક ધોરણે ગુજરાત રાજય વકફ ટ્રીબ્યુનલ સમક્ષ અરજી દાખલ કરવામાં આવી હતી.

જે અરજી ટ્રીબ્યુનલ દ્વારા તારીખ ૮/૧૨/૨૦૨૫ ના હુકમ મંજુર થતા ઉમ્મીદ પોર્ટલ પર બાકી રહેતા વકફ અપલોડ કરવાની સમય મર્યાદા તારીખ ૬/૧૨/૨૦૨૫ થી તારીખ ૫/૬/૨૦૨૬ સુધી વધારવામાં આવેલ છે. ગુજરાત રાજય વકફ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી એ એચ મનસુરી, અધ્યક્ષ ડોકટર મોહસીન લોખંડવાલા તેમજ સભ્ય જીશાન નકવી, આસિફ કાદરભાઈ સલોત, શ્રીમતી સોફીયાબેન જમાલ, મોહંમદ તોફીક યાકુબભાઈ વ્હોરા, રણજીતસિંહ અભેસિંર રાઠોડ, શ્રીમતી શબાનાબેન કુરેશી તથા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સહિત સમગ્ર ટીમ ગુજરાત રાજય વકફ બોર્ડ દ્વારા સરકારના કાયદા વિભાગનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.




# હું શું આતંકવાદી છું ? ગુજરાત સરકારની તાનાશાહીઃ ભારત સરકાર ઈન્ડીગો સામે ઘુંટણીયે પડી ગઈઃ અરવિંદ કેજરીવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા છે. આજે મંગળવારે તેઓ રાજકોટ જેલમાં બંધ ખેડુતો અને આમ આદમી પાર્ટીના નેતાઓને મળવા જવાના હતા, આ માટે ગઈ કાલે સોમવારે આમ આદમી પાર્ટી દ્વારા જેલ પ્રશાસન પાસે મંજુરી માગી હતી. જે આપવામાં આવી ન હતી, જેને લઈ અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેઓએ જણાવ્યુ હતુ કે હું શું આતંકવાદી છુ કે મને ખેડુતોને મળવા જેલમાં જવા દેતા નથી, આ તે લોકોની તાનાશાહી છે, અંગ્રેજો કરતા પણ બદતર હાલત કરી દીધી છે, કડદાપ્રથા વિરૂધ્ધ હડદડ માં ખેડુતોએ આંદોલન કર્યુ હતુ ત્યારે ખેડુતો પર ભારતીય જનતા પાર્ટીએ અત્યાચાર કર્યો હતો, લાઠીઓ વરસાવવામાં આવી હતી. ૮૮ ખેડુતોની ધરપકડ કરવામાં આવી હતી જેમાંથી ૪૨ લોકો બહાર છે, બાકીના બે મહિનાથી જેલમાં બંધ છે. ધરપકડ કરી ત્યારે ૨૪ કલાક સુધી પોલીસે તેઓને પાણી આપ્યુ ન હતુ, ભગવાનથી તો ડરો, કાલે હું એ ખેડુતોના પરીવારને મળ્યો હતો અને તેઓ રડી રહ્યા હતા, કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતુ કે એકતરફ ખેડુતો દુઃખી છે, બાળકોને ભણાવવા મોટા શહેરોમાં મોકલે છે પણ પેપરલીક થઈ જાય છે, આથી તેવા બાળકોને બરબાદ કરી દીધા, ગુજરાત સરકાર દ્વારા બાળકોને ડ્રગ્સના દુષણમાં ધકેલવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં આજે ખુલ્લેઆમ બે વસ્તુઓ મળી રહી છે એક ડ્રગ્સ અને બીજુ ખાડા, ભાજપના એક નેતાનુ નામ જણાવો કે જેની પાસે લોકો આશા રાખી શકે, અમારા નેતા બોલે છે તો લોકો તેને સાંભળે છે, કોંગ્રેસના એક નેતાનુ નામ જણાવો કે લોકોને તેની પાસે આશા હોય, ગુજરાતના લોકોને બચાવવાનુ કામ અમારૂ છે, ગુજરાત સરકાર એફઆઈઆર રમી રહી છે, અમારી સરકાર બનશે એટલે ૨૪ કલાકમાં ખોટી એફઆઈઆર રદ કરી દઈશુ, અમે ઈન્ડીયા ગઠબંધનનો ભાગ નથી, કોંગ્રેસ ઈચ્છતી જ નથી કે ગુજરાતમાંથી ભાજપની સરકાર જાય, ગુજરાતમાં તાનાશાહીની સરકાર છે,


કેજરીવાલના રાજકોટ જેલમાં બંધ ખેડૂતોને મળવા ન દેવાયા

કેજરીવાલે વધુમાં કહ્યુ હતુ કે ઈન્ડીગો એરલાઈન્સની જે ઘટના બની છે , હજારો લોકો ભટકી રહ્યા છે, ભારત સરકાર એક એરલાઈન્સ સંભાળી શકતી નથી, મને લાગે છે બહુ મોટુ કૌભાંડ છે, મુંદ્રા પોર્ટ પુરા દેશ માટે બહુ મોટુ ડ્રગ્સનુ હબ બની ગયુ છે. ડ્રગ્સના મોટા મોટા કન્સાઈનમેન્ટ પકડાઈ રહ્યા છે, ગુજરાતમાં ગલીએ ગલીએ ડ્રગ્સ વેચાઈ રહ્યુ છે. આમાં ગુજરાત સરકાર શું કરે છે, અમે પંજાબમાં સરકાર આવી ત્યારે નશાનો સામાન વેચતા ૨૫ હજાર લોકોની ધરપકડ કરી હતી. નશાનો સામાન વેચનારાના ઘરો પર બુલડોઝર ફેરવી દીધા હતા. ગોવામાં ૨૫ લોકોની હત્યા કરનારા આરોપીઓને સરકારે દેશમાં થી ભગાડી દીધા, જયારે મને ૬ મહિના જેલમાં નાખી દીધો હતો,

# ગુજરાતના ભાજપના ધારાસભ્યએ ઉઘાડુ પાડયુ : અમારામાં ચરીત્રહિન દારૂ પીનારા, જુગાર રમનારા આવ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર સત્તાધારી પક્ષના જ ધારાસભ્યો સત્તા સામે બળાપો કાઢતા હોય તેવી ઘટના બહાર આવી છે, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય પ્રકાશ વરમોરાએ જાહેરમાં એવુ નિવેદન આપ્યુ હતુ કે અમારામાં રાજનીતીમાં ચરીત્રહીન, દારૂ પીનારા અને જુગાર રમનારા આવી ગયા છે, તેમના આ નિવેદને ભાજપને ઉઘાડુ પાડયુ છે અને રાજયનુ રાજકારણ ગરમાયુ છે,

ધારાસભ્ય પ્રકાશ વરમોરાનો એક વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થયો છે, જેમાં તેઓ એક જાહેર મંચ પરથી બોલી રહ્યા છે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે પ્રજાની શ્રધ્ધા કયાંક ને કયાંક ડગી ગઈ છે, તેનુ કારણ એ છે કે અમારામાં ચરીત્રહીન માણસો આવી ગયા છે, વરમોરાએ વધુમાં ઉમેર્યુ હતુ કે આજે રાજનીતીમાં ચરીત્રહીન, દારૂ પીવાવાળા અને જુગાર રમવાવાળા લોકો આવ્યા છે. જેને ઠીક કરવાની તાકાત માત્ર ધર્મ સત્તા પાસે છે, ધારાસભ્ય પ્રકાશ વરમોરાએ ખુદ રાજકીય વાસ્તવિકતા વર્ણવતા ભર શિયાળે રાજકીય ગરમાવો આવી ગયો છે. આ પ્રકારના બળાપા પાછળનુ કારણ શુ હોઈ શકે ?

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી છે કે ધારાસભ્ય પ્રકાશ વરમોરાનો નવા રચાયેલા મંત્રી મંડળમાં સમાવેશ ન કરાયો હોવાથી તેમના બોલ બદલાયા છે.

મંત્રીપદ ન મળવાના કારણે તેમની નારાજગી આ જાહેરમંચ પર વ્યકત થઈ હોવાનુ માનવામાં આવી રહ્યુ છે. સત્તાધારી પક્ષના ધારાસભ્ય એ જ ચુંટાયેલા જનપ્રતિનિધિઓ કેવા છે તેની હકીકત વર્ણવ્યા બાદ ભાજપના આંતરીક રાજકારણમાં ગણગણાટ શરૂ થયો છે.

આ મુદ્દે વિપક્ષ કોંગ્રેસે પણ તરતજ પ્રક્રિયા આપી હતી, કોંગ્રેસ પ્રવકતા ડો.મનિષ દોશીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ભાજપની ચાલ, ચલણ અને ચારીત્ર્ય ભાજપના જ ધારાસભ્યએ વર્ણવી છે તે કડવી હકીકત છે, તેમણે આરોપ લગાવ્યો કે ગાંધીના ગુજરાતમાં દારૂ, ડ્રગ્સ અને જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે. પરીણામે એવી પરીસ્થિતિનુ નિર્માણ થયુ છે કે સરકાર પરથી જનતાનો ભરોસો ઉઠી ચુકયો છે. ભાજપના ધારાસભ્યના આ ખુલાસા થી પક્ષની આંતરીક સ્થિતિ અને રાજકીય સ્વચ્છતા પર ગંભીર સવાલો ઉભા થયા છે. હવે આ મામલે પક્ષનુ મોવડી મંડળ શું પગલા લે છે તેના પર સૌની નજર ટકેલી છે.

# ચાલુ બસનું ટાયર નીકળીને બ્રિજની નીચે પડતાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા ચાંગોદરમાં આજે એક હચમચાવી દે તેવી દુર્ઘટના સામે આવી છે. અહીંના ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહેલી એક ખાનગી કંપનીની બસનું ટાયર અચાનક નીકળીને નીચે સર્વિસ રોડ પર પડતા, ત્યાંથી પસાર થઈ રહેલા એક નિર્દોષ બાઈક ચાલકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર ચાંગોદર બ્રિજ પરથી 'યુનિસન ફાર્મા' કંપનીની સ્ટાફ બસ પસાર થઈ રહી હતી. તે દરમિયાન ચાલુ બસે અચાનક ટાયર નીકળી ગયું હતું. આ ટાયર બ્રિજ પરથી સીધું નીચે સર્વિસ રોડ પર ખાબક્યું હતું. કમનસીબે, તે જ સમયે નીચેથી બાઈક લઈને પસાર થઈ રહેલા ભીખાભાઈ ત્રિકમભાઈ ઝાલા પર આ તોતિંગ ટાયર પડ્યું હતું.